પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૦૩ • કુલ પાના : ૪ • તારીખ : ૨૨-૦૪-૨૦૨૨ શુક્રવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

ગુજરાતમાં વાતાવરણમાં પલટો

## ખેડા અને વલસાડમાં કમોસમી વરસાદી ઝાપટાં, અમરેલીમાં વીજળી પડતાં એકનું મોત






ગાંધીનગર,

ગુજરાતમાં આગામી ચોવીસ કલાક દરમિયાન છૂટાછવાયા કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે આજે સવારે ખેડા અને વલસાડ જિલ્લામાં હળવાં વરસાદી ઝાપટાં વરસ્યાં હતાં. તો ખેડા, ભાવનગર અને આણંદ જિલ્લામાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. કમોસમી વરસાદના કારણે કેરીના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

વલસાડ જિલ્લામાં વહેલી સવારથી વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. જિલ્લામાં સવારથી વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. વલસાડ જિલ્લાના ધરમપુર અને કપરાડા વિસ્તારમાં છૂટોછવાયા કમોસમી વરસાદી છાંટા પડતાં કેરીના પાક પર નભતા ખેડૂતોમાં ચિંતાનો વિષય બન્યો હતો. વલસાડ જિલ્લા અને આજુબાજુના વિસ્તારોમાં વાદળછાયા હવામાનને લઈને કેરીના પાક પર નભતા ખેડૂતોમાં ભારે ચિંતાનો વિષય બન્યો હતો. વલસાડ જિલ્લાના કપરાડા અને ધરમપુર તાલુકામાં કમોસમી વરસાદ પડ્યો હતો. એને લઈને આંબાવાડીમાં તૈયાર થતી પહેલા ફાલની કેરીઓમાં નુકસાનીની ભીતિ ખેડૂતોને સતાવી રહી છે.

ખેડા જિલ્લામાં છેલ્લા બે દિવસથી વાતાવરણનો મિજાજ બદલાયો છે. ગઈકાલે બુધવારે બપોર બાદ આકાશમાં વાદળો છવાતા ખેડૂતોમાં ચિંતા પ્રસરી ગઈ હતી. તો બીજા દિવસે વહેલી પરોઢિયે જિલ્લાના અમુક સ્થળો ઉપર છુટો-છવાયા જગ્યાએ માવઠું થતાં ખેડૂતોના જીવ અદ્ધર થયા છે. રોડ ભીંજવે તેવો સામાન્ય વરસાદથી પાકમાં રોગચાળો થાય તેવી દહેશત ખેડૂતોને સતાવી રહી છે. આવા વાતાવરણને કારણે ઉનાળુ પાકને માઠી અસર પહોંચશે તેમ ખેડૂતો જણાવી રહ્યા છે. ઠાસરા, ડાકોર તેમજ અન્ય વિસ્તારોમાં સામાન્ય વરસાદ પડ્યો હતો. ઉનાળામાં વરસાદી છાંટાના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. જો કે આવા વાતાવરણના કારણે બાફ અને અસહ્ય ઉકળાટથી જિલ્લાવાસીઓ ત્રસ્ત બન્યા છે.હવામાન વિભાગની અગાહીને લઈને અમરેલી જિલ્લાના દરિયાઈ કાંઠે વીજળીના કડાકા ભડાકા જોવા મળ્યા હતા. વરસાદ આવ્યો નહીં

### આણંદ, ભરૂચ, અને ભાવનગરમાં વાદળો છવાતાં ખેડૂતો ચિંતિત બન્યા

પરંતુ ગાજ્યો વધારે. ત્યારે રાજુલા નજીક આવેલા પીપાવાવ પોર્ટ ફોરવે માર્ગ પર લોજીક પાર્ક આવેલું છે. ત્યાં નજીક આવેલી પાણીની ખાડી આવેલી છે, તેમાં માછીમારી કરી રહેલા ૩૫ વર્ષીય ભરતભાઈ સોલંકી નામના માછીમાર પર વીજળી પડતાં તેમનું ઘટના સ્થળે મોત થયું હતું. જિલ્લામાં ગઈકાલ સવારથી વાતાવરણમાં પલટા સાથે બપોર બાદ કેટલાક વિસ્તારમાં વરસાદી છાંટા પડ્યાં હતા.અમરેલી શહેરમાં મધરાતે વરસાદી ઝાપટા પડ્યા હતા. જ્યારે દરિયાઈ બેલ્ટ રાજુલા શિયાળ બેટ અને પીપાવાવ વિસ્તારમાં વહેલી સવારે વીજળીના કડાકા ભડાકા આકાશમાં જોવા મળ્યા હતા.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને પગલે રાજ્યના વાતાવરણમાં ભર ઉનાળે પલટો આવ્યો છે અને ૨૦-૨૧ એપ્રિલે રાજ્ય ના અલગ અલગ વિસ્તારોમાં છુટાછવાયા વરસાદ કે છાંટા પડી રહ્યા છે, જે અન્વયે આજે સવારથી જ ભાવનગર શહેર-જિલ્લામાં વાતાવરણ માં પલ્ટો આવ્યો છે આકાશ વાદળો આચ્છાદિત બનવા સાથે ધૂળીયુ વાતાવરણ સર્જાયું છે શહેર-જિલ્લામાં હળવા ઝાંપટા વરસે તેવી શક્યતા છે, ત્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં ઝરમર છાંટા પડ્યાં હોવાનાં વાવડ સાંપડી રહ્યાં છે વાતાવરણ માં આવેલ પલ્ટાને પગલે ફરી એકવાર ખેડૂતાના જીવ પડીકે બંધાયા છે કારણકે કેરી સહિતનાં બાગાયત પાક ઉપરાંત ઉનાળુ મોલાત પશુચારો સાથે શાકભાજીની તૈયાર ફસલને આ માવઠા અગર પલ્ટાયેલ હવામાનની વ્યાપક પ્રમાણમાં અસરો થવાની સંભાવના છે, એ ઉપરાંત જો વરસાદ થાય તો ખેત ફસલોને ભારે નુકસાન થશે, એજ રીતે પશુચારાનો મોટો જથ્થો પણ ખુલ્લા વાડી-ખેતરોમાં પડ્યો હોય જો સાધારણ વરસાદ કે છાંટા પડે તો પણ આ પશુચારાને નુકશાન થશે અને આજ સવારથી જ વાદળો છવાયા હોય જેને પગલે લોકો ને બળબળતા તાપથી મુક્તિ ચોક્કસ મળી છે પરંતુ એ ભેજનું પ્રમાણ વધતા બફારો અસહ્ય થઈ રહ્યો છે.

દાહોદ શહેર સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં આજરોજ વહેલી સવારથીજ વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો. જેને પગલે વાદળછાયા વાતાવરણ વચ્ચે ઠંડક પ્રસરી હતી.જો કે બપોરે ચોમાસા જેવો બફારો અનુભવાયો હતો. વહેલી સવારથી જ દાહોદ શહેર સહિત જિલ્લાના ગરબાડા, લીમખેડા, દેવગઢ બારીઆ, ઝાલોદ, ફતેપુરા, સંજેલી જેવા તાલુકાઓ અને ગ્રામ્ય વિસ્તારામાં વાદળછાયુ વાતાવરણ સર્જાયુ હતું. ઘણા સ્થળોએ અમી છાંટા પણ પડ્યાં હતાં. આજના વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીથી લોકોને રાહત મળી હતી. અસહ્ય ગરમી તેમજ તાપના પ્રકોપે લોકો છેલ્લા કેટલાંય દિવસોથી ત્રાહિમામ? પોકારી ઉઠ્યાં હતાં ત્યારે આજના વાતાવારણને પગલે લોકોને ગરમીથી રાહત મળી હતી. અગાઉ હવામાન વિભાગ દ્વારા વરસાદ તેમજ વાવાઝોડાની આગાહી પણ આપવામાં આવી હતી. જેને પગલે આ અસર દાહોદ જિલ્લામાં પણ જોવા મળી હતી. આખો દિવસ વાદળછાયું વાતાવરણ રહેતા લોકોને ગરમીથી આંશિક રાહત મળી હતી.

## બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સને ગાંધી આશ્રમમાં રેંટિયો કાંત્યો, વિઝિટર બુકમાં સંદેશો લખ્યો



અમદાવાદ,

બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સન આજે ગુજરાત પ્રવાસે છે. તેઓ અમદાવાદ આવી પહોચ્યા હતાં જ્યાં એરપોર્ટ બહાર તેમનું ઢોલ-નગારાં સાથે સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એરપોર્ટ પહોંચી તેમનું સ્વાગત કર્યુ હતું. એરપોર્ટથી તેઓ આશ્રમ રોડ સ્થિત હોટલ હયાત રિજન્સી ગયા હતા. આ બાદ તેઓ ગાંધી આશ્રમની પણ મુલાકાતે પહોંચ્યા છે. આ પહેલા બ્રિટિશ વડાપ્રધાન એરપોર્ટથી ગાંધી આશ્રમ સુધી રોડ શો યોજાયો હતો. યુ.કે.ના વડાપ્રધાન બોરિસ જોન્સન ગાંધી આશ્રમ પહોંચ્યા હતા ત્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સન ગાંધી આશ્રમ પહોંચીને તેમમે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી હતી અને બાદમાં રેટિયો કાંત્યો હતો,રેંટિયો કાંત્યા સમયે તેઓ ખુબ આનંદિત જોવા મળ્યા હતા. તેમણે આશ્રમની બુકમાં એક સરસ સંદેશો પણ લખ્યો હતો.વિઝિટર બુકમાં મહાત્મા ગાંધી વિશે અકલ્પીય વાત લખી હતી.“આ મહાન વ્યક્તિત્વના આશ્રમમાં આવવું તેમણે વિશ્વને સત્ય અને અહિંસાના સરળ સિદ્ધાંતોના પાઠ ભણાવ્યા, આ સિદ્ધાંતોના મૂલ્ય સમજાવું એ એક મહાન લહાવો છે

અમદાવાદ એરપોર્ટ પર ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમનું સ્વાગત કર્યુ હતું. યુકેના વડા પ્રધાનની ભારત મુલાકાતને મુક્ત વેપાર, ઉર્જા ક્ષેત્ર અને સંરક્ષણના દષ્ટિકોણથી ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

બ્રિટિશ વડા પ્રધાન બોરિસ જોન્સન તેમની બે દિવસીય મુલાકાતે ભારત પહોંચ્યા છે. બ્રિટિશ વડા પ્રધાન ગુરુવારે તેમની પ્રથમ ગુજરાત મુલાકાતે આવ્યા હતા. અમદાવાદ એરપોર્ટ પર ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમનું સ્વાગત કર્યુ હતું. ગુજરાતીઓએ હાથમાં ત્રિરંગો અને વેલકમ ટુ ઈન્ડિયાના હોર્ડિંગ્સ સાથે જોન્સનનું સ્વાગત કર્યુ હતું.

બોરિસ જોન્સન મોડી સાંજે ડિનર કર્યા બાદ તેઓ દિલ્હી જવા રવાના થશે. જણાવી દઈએ કે આ પહેલા પણ પીએમ જોન્સનનો ભારત પ્રવાસ નિર્ધારિત હતો, પરંતુ કોવિડના કારણે તેમને રદ કરવી પડી હતી. જોન્સનની આ મુલાકાત રશિયા-યુક્રેન યુદ્ધની વચ્ચે થઈ રહી હોવાથી આ સંદર્ભે તેઓ મોદી સાથે વાતચીત કરે તેવી શક્યતા છે. બ્રિટન રશિયાની ટીકા કરતું રહ્યું છે. તેણે રશિયા પર વિવિધ પ્રતિબંધો લગાવ્યા છે. તે જ સમયે, તે યુક્રેનને સૈન્ય સહયોગ પણ મોકલી રહ્યું છે. તાજેતરમાં જ જોન્સન યુદ્ધગ્રસ્ત યુક્રેનની મુલાકાતે ગયા છે. જોકે, ભારત આ મામલે હજુ પણ તટસ્થ છે.

## નાણામંત્રી ખુદે ક્રુડ-કોમોડીટીના ભાવ વધ્યાનું સ્વીકાર્યા બાદ પણ મોંઘવારીને નકારી



નવીદિલ્હી,

દેશના લોકો કારમી મોંઘવારીથી પીડાઈ રહ્યા છે. ખુદ સરકારના આંકડા કહે છે કે બે વર્ષમાં દેશમાં કોરોનાથી રોજગારની ખરાબ સ્થિતિથી જે રીતે લોકોની આવક ઘટી છે તેમાં ફકત ગરીબો જ નહી કરદાતાની આવક પણ ઘટી છે અને લાખો લોકો તે શ્રેણીમાંથી બહાર નીકળી ગયા છે અને યુક્રેન યુદ્ધના કારણે જે રીતે ક્રુડતેલથી કોમોડીટીના ભાવમાં મોટો ઉછાળો નોંધાયો છે.

તેની અસર લોકોના જીવન ધોરણ પર પડી છે છતાં દેશના નાણામંત્રી નિર્મલા સીતારામને વિદેશ જઈને ભારતના લોકોની મજાક કરતા કહ્યું કે ભારતમાં મોંઘવારી વધુ નથી. હાલ અમેરિકામાં રહેલા નિર્મલા સીતારામને વોશિંગ્ટન ડીસીમાં આયોજીત કાર્યક્રમમાં એવું જણાવ્યું કે આપણી સામે વૈશ્વિક પડકાર છે.

ક્રુડથી લઈને કોમોડીટીની કિંમતો આસમાનને આંબી રહી છે. (ખુદ નાણામંત્રીના શબ્દો છે) તેની અસર તમામ અર્થતંત્ર પર પડશે તેમ છતાં ભારતમાં છૂટક મોંઘવારી (ફુગાવો) ૬.૯% છે. અમારો લક્ષ્યાંક ૪% છે અને ૨% પ્લસ માઈનસ ગણીએ તો ૬% નો ફુગાવો અને હાલનો ૬.૯% નો જે છે તે કોઈ વધુ ફુગાવો નથી. અમો ૬% થી વધુ કઈ આગળ ગયા નથી. તેઓએ આ નિવેદન જી-૨૦ દેશોની ઉભરતા અર્થતંત્રની બેઠકમાં આ રીતે દેશમાં ભાવવધારાનો બચાવ કર્યો હતો.

દેશમાં મોંઘવારી મુદે નાણામંત્રીના નિવેદનથી જબરો આઘાત છે અને ખુદ સરકારના અથવા તો કહો કે નાણા મંત્રાલયના આંકડા નિર્મલાના વિદેશના વિધાનોથી જુદી વાત કહે છે. સરકાર ખુદ સ્વીકારે છે કે ગ્રામીણ ક્ષેત્રમાં મોંઘવારી લોકોને પરેશાન કરી રહી છે. આ ક્ષેત્રે જયાં ૬૦% ભારત વસે છે ત્યાં ખાદ્ય મોંઘવારી છેલ્લા ૧ વર્ષમાં ડબલ થઈ છે.

ગત વર્ષે મોંઘવારીનો આંક ૩.૪૯ હતો. જે આજે માર્ચ માસમાં ૮.૦૪% રહી છે અને વાસ્તવિકતા એ છે કે જથ્થાબંધ ફુગાવા જે કુલ ઉત્પાદકીય ચીજોને લાગુ પડે છે તે ૧૪.૫૫% નોંધાયો છે. એટલે કે મોંઘવારી હવે અર્થતંત્રના મૂળમાં પહોંચી ગઈ છે. દેશમાં મોંઘવારી માટે નાણામંત્રી ખુદ યુક્રેન યુદ્ધને કારણ દર્શાવે છે પણ વિદેશ જઈને જુદી વાત કરી છે.

### જાન્યુઆરીથી માર્ચ સુધી ૯૭ ટકા મોત ઓમિક્રોનથી થયા છે

નવીદિલ્હી,

દિલ્હીમાં ઓમિક્રોન વેરિએટને લઈ મોટી વાત સામે આવી છે સરકારી આંકડા અનુસાર જાન્યુઆરીથી માર્ચની વચ્ચે પાટનગરમાં સંક્રમણથી મૃત્યુ પામનારા ૯૭ ટકા નમુનામાં કોરોના વાયરસના ઓમિક્રોન વેરિએટ જણાયા છે.૫૭૮ નમુનાની તપાસ માહિતી મળી છે કે તેમાંથી ૫૬૦ ઓમિક્રોન વેરિએટના લક્ષણ હતાં. બાકીના ૧૮ (૩ ટકા)માં ડેલ્ટા સહિત કોવિડ-૧૯ના લક્ષણ હતાં.

માર્ચમાં પાટનગરમાં જીનોમ સીકવેકિંસગમાં તમામ ૫૦૪ નમુનામાં ઓમિક્રોન વેરિએટ જણાયા હતાં જયારે દિલ્હીમાં એકવાર ફરી સંક્રમણના મામલામાં તેજી જોવા મળી રહી છે.નિષ્ણાંતો તેના માટે મુખ્ય રીતે લોકોની બેદરકારીને જવાબદાર માની રહ્યાં છે તેમનું કહેવું છે કે કોવિડ નિયમોનું પાલન ન કરવું સંક્રમણને આમંત્રણ આપવા સમાન છે.

એ યાદ રહે કે વધતા મામલાને જોતા દિલ્હી સરકારે જાહેર સ્થાનો પર માસ્ક પહેરવાનું ફરજિયાત કરી દીધુ છે તેનો ભંગ કરનારા પર ૫૦૦ રૂપિયાનો દંડ લગાવવાની વાત પણ કહી છે.અધિકારીઓએ કહ્યું હતું કે દિલ્હી આપદા પ્રાધિકરણે પોતાની બેઠકમાં સ્કુલોને બંધ નહીં કરવાનો પણ નિર્ણય કર્યો છે.

### શ્રીલંકાને ઓઈલ ખરીદવા માટે ભારત ૩૮૦૦ કરોડ રૂપિયા આપશે

કોલંબો,

શ્રીલંકામાં રાજપક્ષે સરકાર વિરુદ્ધ રાજધાની કોલંબો સહિત અનેક શહેરોમાં દેખાવો ચાલુ રહ્યા હતા. હિંસાગ્રસ્ત રામબુકનામાં કર્ફ્યૂ ચાલુ છે. આ દરમિયાન ભારતે ફરી એકવાર શ્રીલંકાને મદદનો હાથ લંબાવ્યો છે. ભારતે શ્રીલંકાને ઓઈલ ખરીદી માટે ૩૮૦૦ કરોડ રૂપિયાની ગ્રાન્ટ આપવાની જાહેરાત કરી છે. શ્રીલંકાના વિદેશમંત્રી જીએલ પિયર્સે કહ્યું હતું કે અમારી તરફથી મદદની વિનંતી પર ભારતે આર્થિક મદદની જાહેરાત કરી છે. તેમણે કહ્યું હતું કે વિશ્વ બેંકે શ્રીલંકાને મદદની ખાતરી પણ આપી છે, પરંતુ એમાં ૬ મહિનાનો સમય લાગી શકે છે. આ દરમિયાન ચીનના ૨૭ હજાર કરોડ રૂપિયાનાં દેવાં હેઠળ દટાયેલા શ્રીલંકાને લોનના હપતા હળવા કરવાની વિનંતીને ચીને ફગાવી દીધી છે. શ્રીલંકાના વિપક્ષના નેતા સજિત પ્રેમદાસાએ દાવો કર્યો છે કે રાષ્ટ્રપતિ ગોતબાયા રાજપક્ષે પદ છોડવા માટે તૈયાર છે. રાષ્ટ્રપતિ ગોતબાયા કહે છે કે જો તમામ પક્ષો તેમને અપીલ કરશે તો તેઓ પોતાનું પદ છોડી દેશે. શ્રીલંકાના માહિતી નિર્દેશક અને રાષ્ટ્રપતિના સત્તાવાર પ્રવક્તા મિલિંદ રાજપક્ષેએ ભાસ્કર સાથે વાત કરતાં કહ્યું હતું કે મને લાગે છે કે ભારત સૌથી મોટી ભૂમિકા ભજવી શકે છે. ભારત લાંબા સમયથી શ્રીલંકામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યું છે. શ્રીલંકામાં ૩૦ વર્ષ લાંબા હિંસક યુદ્ધને સમાપ્ત કરવામાં પણ ભારત મહત્ત્વની ભૂમિકા રહ્યું છે.

## પાલનપુરના અપક્ષ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીની આસામ પોલીસે ધરપકડ કરી



પાલનપુર,

વડગામના અપક્ષ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી ની ધરપકડ કરવામાં આવી છે. આસામ પોલીસ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી છે. અને મધરાત્રે તેમને પ્લેન દ્વારા આસામ લઈ જવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર વડગામના અપક્ષ ધરાભ્ય જીજ્ઞેશ મેવાણીને પાલનપુર સર્કિટ હાઉસમાંથી બુધવારે મોડી રાતે ૧૧.૩૦ કલાકે ધરપકડ કરવામાં આવી હતી. અને પાલનપુર પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતાં ત્યાંથી તેમને રોડ માર્ગે અમદાવાદ અને લાવવામાં આવ્યા હતા. જ્યાં તેમને હવાઈ માર્ગે આસામ લઈ જવામાં આવ્યા છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓ વિમાની મથકે તેમને મળવા પહોંચ્યા હતા. જો કે અ અંગે કોઈ એફઆઈઆરની કોઈ કોપી મેવાનીને આપવામાં આવી નથી. અને કયા કારણોસર તેમની ધરપકદ કરવામાં આવી છે તે જાણવા મળ્યું નથી પરંતુ મેવાણીએ કરેલી કેટલીક ટ્વિટને કારણે આ અટકાયત થઈ હોવાનું આધારભુત સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. જો કે પોતાની ધરપકડ અંગે જીજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતું કે, ‘હું કાલે પણ લડતો હતો, આજે પણ લડી રહ્યો છું અને આવતીકાલે પણ લડીશ. કયા કેસમાં મને લઈ જવામાં આવે છે તેની મને જાણ નથી હજી, આસામ પોલીસે એફઆરઆઈની કોપી આપી નથી. મને એમ કહેવામાં આવ્યું કે, તમે ટ્વિટ કર્યુ છે તેના કારણે તમારી પર એફઆરઆઇ કરી છે. આવી એફઆરઆઈથી હું ડરવાનો નથી. જ્યાં આશાંતિનો માહોલ હતો તે અંગે મેં આ ટ્વિટમાં શાંતિની અપીલ કરી હતી.’ મધરાતે ૩.૩૦ વાગ્યે કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ જગદીશ ઠાકોર અમદાવાદ એરપોર્ટ ખાતે જીજ્ઞેશ મેવાણી સાથે મુલાકાત કરી હતી. લડાયક યુવાનો ભાજપની સરકાર સામે પ્રજાનો અવાજ મજબૂતાઈ થી ઉઠાવે છે ત્યારે ભાજપ તાનાશાહી સરકાર ડરાવી રહી છે. પરંતુ અમે ડરીશું નહિ લડીશું. ટો સાથે ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ, ઈમરાન ખેડાવાળા, ડો.સી જે ચાવડા, કોંગ્રેસ નેતા બિમલ શાહ, શહેર પ્રમુખ નીરવ બક્ષી અન્ય આગેવાનો અમદાવાદ એરપોર્ટ ખાતે હાજર રહ્યા હતા.

### હવે તો દેશમાં ધારાસભ્ય પણ સુરક્ષિત નથી : હાર્દિક પટેલ

અમદાવાદ,

વડગામના અપક્ષ ધારાભ્ય જીજ્ઞેશ મેવાણીની પાલનપુર સર્કિટ હાઉસમાંથી બુધવારે મોડી રાતે ૧૧.૩૦ કલાકે ધરપકડ કરવામાં આવી હતી. અને પાલનપુર પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા. ત્યાંથી તેમને રોડ માર્ગે અમદાવાદ અને લાવવામાં આવ્યા હતા. અને પછી હવાઈ માર્ગે આસામ લઈ જવામાં આવ્યા છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓ એરપોર્ટ પર તેમને મળવા પહોંચ્યા હતા. જોકે જિગ્નેશ મેવાનીની ધરપકડ બાદ કોંગ્રેસ દ્વારા તેનો વિરોધ કરવામાં આવ્યો છે. તો અનેક જગ્યાએ આ ધરપકડના વિરોધમાં પ્રદર્શન કર્યોપણ યોજાયા હતા. તો ગુજરાત કોંગ્રેસનાં કાર્યકારી અધ્યક્ષ હાર્દિક પટેલ દ્વારા પણ જિગ્નેશ મેવાણીની ધરપકડ અંગે સરકારને ચેતવણી આપી છે. હાર્દિક પટેલે ટ્વિટ દ્વારા સરકાર ને ચેતવણી આપી છે. અને લખ્યું છે કે, આસામ પોલીસ દ્વારા ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અટકાયત કરવામાં આવ્યા છે. જો જીગ્નેશ મેવાણીને કઈ થશે તો તેની જવાબદારી સરકારની રહેશે. હવે તો દેશમાં ધારાસભ્ય પણ સુરક્ષિત નથી. અત્રે નોધનીય છે કે ગઈ રાત્રે ધારાસભ્ય જીગ્નેશ મેવાણીની પાલનપુરથી અટકાયત કરવામાં આવી હતી. અને તેમણે વિમાન માર્ગે આમદવાદથી આસામ લઈ જવામાં આવ્યા છે. તો રાત્રે તેમણે મળવા માટે ગુજરાત કોંગ્રેસનાં અનેક નેતાઓ એરપોર્ટ ઉપર હાજર રહ્યા હતા.

## દેશનાં ૧૨ રાજ્યોમાં કોલસાની અછતથી વીજ સંકટનાં એંધાણ, ૮૫ પાવર સ્ટેશનમાંથી ૮૦માં અછત



નવીદિલ્હી,

કોરોનાકાળમાંથી બહાર આવ્યા બાદ દેશમાં ઔદ્યોગિક ઉત્પાદન વધતા તેમજ ઘરેલુ વીજળીની માંગ રેકોર્ડ સ્તરે પહોંચતા દેશમાં વીજસંકટની આશંકા સર્જાઈ છે. દિલ્હી સહિત કેટલાંક રાજ્યોમાં વીજળીની માંગ અત્યાર સુધીના સર્વોચ્ચ સ્તરે પહોંચી ગઈ છે. આ દરમિયાન હવામાન વિભાગની ગરમી વધવાની આગાહીથી મનાય છે કે એપ્રિલના અંત સુધી વીજળીની માંગ ઘણી વધશે. જો એવું થશે તો દેશના ઓછામાં ઓછાં ૧૨ રાજ્યમાં વીજસંકટ સર્જાશે. આ સ્થિતિમાં કેટલાંક રાજ્યમાં તો કોલસાની અછત સર્જાવાનું શરૂ થઈ ગયું છે. બીજી તરફ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વીજળીમંત્રી આર.કે. સિંહ, કોલસામંત્રી પ્રહલાદ જોશી અને રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવ સાથે બેઠક યોજી હતી. સૂત્રોના જણાવ્યાનુસાર આ બેઠકમાં અમિત શાહે કોલસા અને વીજળીની સ્થિતિનો રિપોર્ટ માંગ્યો હતો. સામાન્ય રીતે વીજળીની મહત્તમ માંગ જુલાઈ કે ઓગસ્ટમાં રહે છે. કોલ ઈન્ડિયા પાવર એન્જિનિયર્સ ફેડરેશનના અધ્યક્ષ શૈલેન્દ્ર દુબે કહે છે કે અનેક થર્મલ પાવર પ્લાન્ટ કોલસાની અછતનો સામનો કરી રહ્યા છે. સેન્ટ્રલ પાવર ઓથોરિટીના અહેવાલ પ્રમાણે, ઘરેલુ કોલસાનો ઉપયોગ કરતા ૧૫૦માંથી ૮૦ પાવર પ્લાન્ટમાં કોલસાનો પુરવઠો ખૂટી પડ્યો છે. ખાનગી ક્ષેત્રે ૫૪માંથી ૨૮માં પણ કોલસાની અછત છે. આયાતી કોલસાથી ચાલતા ૧૪ પાવર પ્લાન્ટમાંથી ૧૧માં કોલસાનો ભંડાર ક્ષમતાના ૦થી ૧૯% સુધી જ છે, જ્યારે સ્ટોક રૂલ્સ પ્રમાણે પિટહેડ (ખાણની નજીક) આવેલા પાવર સ્ટેશનોમાં ૧૭ દિવસ અને ખાણથી દૂરના પાવર સ્ટેશનોમાં ૨૬ દિવસ ચાલે તેટલો કોલસો હોવો જોઈએ. કોલસાની અછતથી રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને યુપીને સૌથી વધુ અસર થઈ શકે છે. યુપી પાસે સાત દિવસ, હરિયાણા પાસે આઠ દિવસ, રાજસ્થાન પાસે ૧૭ દિવસ ચાલે એટલો જ કોલસો છે, જે હકીકતમાં ૨૬ દિવસ ચાલે એટલો હોવો જોઈએ. ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઝારખંડ, છત્તીસગઢ, તેલંગાણા, આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં પણ કોલસાની અછત છે.

# કોઠંબાના જેસોલા ગામે કુવામાંથી હત્યા કરાયેલ યુવકનો મૃતદેહ મળી આવ્યો

લુણાવાડા,

કોઠંબાના જેસોલા ગામે કુવામાંથી ડીકંપોઝ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો તે યુવાનની હત્યાનો થયાનો પર્દાફાશ થતાં ચકચાર મચી જવા પામી છે.

પોલીસે મૃતદેહની ઓળખ માટે સ્થાનિક લોકોને બોલાવ્યા પણ યુવાનની ઓળખ નહિ થતાં પોલીસે એફ.એસ.એલ.ની પણ મદદ લીધી હતી. પી.એમ.રિપોર્ટમાં હત્યા કરાઈ હોવાનુ બહાર આવતા પોલીસે ટીમો બનાવી સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતુ. જેમાં તપાસ દરમિયાન જાણવા મળ્યુ હતુ કે, મરનાર યુવાન ભગવાન રામાભાઈ માચીનો થાણા સાવલી ગામે રહેતા પરિવારની વિધવા દિકરી સાથે આડાસંબંધ હતા. જિલ્લા ના.જિલ્લા પોલીસ વડાએ જણાવ્યુ હતુ કે, મૃતક યુવાન ભગવાન(રહે.કનોડા)અને આરોપીની દિકરી સાથે પ્રેમ સંબંધ હતો જેની જાણ થતાં દિકરીના પિતાએ સમાજમાં બદનામી થતી હોવાથી ભગવાન માચીને સીમમાં બોલાવી હત્યા કરી હતી અને હત્યાને આત્મહત્યામાં ખપાવવા મૃતદેહ કુવામાં નાંખી દઈ તમામ પુરાવાઓ નાશ કર્યા હોવાની આરોપીએ પોલીસ સમક્ષ કબુલાત કરી હતી.

## સુરત સેશન્સ કોર્ટે ગ્રીષ્મા હત્યા કેસમાં ફેનિલને તમામ ગુનામાં દોષિત જાહેર કર્યો, કાલે સંભળાવાશે સજા

સુરત,

સુરતમાં ગ્રીષ્મા હત્યા કેસમાં આજે કોર્ટ સજા સંભળાવી છે. આરોપી ફેનિલને સેશન્સ કોર્ટમાં હાજર કરવામાં આવ્યો છે. ફેનિલે ૧૨ ફેબ્રુઆરીએ પાસોદરામાં ગ્રીષ્મા વેકરિયાની જાહેરમાં ગળું કાપી ફેનિલે કરપીણ હત્યા કરી હતી. જેમાં કોર્ટમાં ગત ૬ એપ્રિલના રોજ દલીલો પૂર્ણ થઈ છે. જેથી આજે કોર્ટ આરોપીને સજા સંભળાવી છે. તેને તમામ ગુનાઓમાં દોષિત જાહેર કરવામાં આવ્યો છે. ગઈ મુદતમાં આરોપીના વકીલ હાજર ન રહેતા સુનાવણી ટળી હતી. હવે કોર્ટે આ મામલે નિર્ણય સ્થગિત રાખ્યો છે. આવતી કાલે આ કેસમાં સજા સંભળાવવામાં આવશે. સરકારી પક્ષ દ્વારા આરોપીને આકરામાં આકરી સજા થાય એવી માગ કરવામાં આવશે જ્યારે બચાવ પક્ષ દ્વારા આરોપી ફેનિલને ઓછામાં ઓછી સજા થાય તે અંગે દલીલ કરવામાં આવશે. આ પહેલાં સરકાર પક્ષે ત્રણ દિવસ દલીલ કરી હતી. જેમાં કહ્યું હતું કે હત્યા ઉશ્કેરાટમાં નહી પણ પૂર્વ તૈયારી સાથે કરાઈ હતી. આરોપીએ પૂર્વ તૈયારી કરી ચપ્પુ ઓનલાઈન ખરીદ્યા હતા. તો બચાવ પક્ષે દલીલો કરી હતી કે આરોપી ફેનિલ ગોયાણીને ખોટા કેસમાં ફસાવી દેવા અને પોતાની યોગ્ય રજૂઆત ન કરવા દેવા માટે પોલીસે માત્ર ૭ દિવસમાં જ ચાર્જશીટ રજૂ કરી દીધી હતી. ગ્રીષ્મા હત્યા કેસમાં કોર્ટમાં ૧૯૦ સાક્ષીમાંથી ૧૦૫ સાક્ષીની જુબાની લેવામાં આવી હતી. જ્યારે ૮૫ સાક્ષીને ડ્રોપ કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ સરકાર પક્ષ દ્વારા ક્લોઝિંગ આપવામાં આવ્યું હતું જેથી કોર્ટમાં આરોપી ફેનિલનું ફર્ધર સ્ટેટમેન્ટ લેવામાં આવ્યું હતું. જો કે આજના કોર્ટના સજાના એલાન પર સૌ કોઈની નજર છે.

## જીગ્નેશ મેવાણીની ધરપકડના વિરોધમાં કોઠંબા ખાતે કાર્યક્રમ યોજાયો



કોઠંબા,

જીગ્નેશ મેવાણીને રિહા કરવાનાં પ્રદર્શનના ભાગરૂપે કોઠંબા સ્ટેચ્યુ ઓફ ઈકવાલિટી બાબાસાહેબ આંબેડકર સ્ટેચ્યુ જોડે નારા લગાવી રિહાઈ કરવાની માંગ કરવામાં આવી. સાહીલ પરમાર, જીગર વણકર, પ્રદીપ પરમાર તથા સમાજના આગેવાનો દ્વારા જીગ્નેશ મેવાણી વડગામ ધારાસભ્યને આસામ પોલીસ અરેસ્ટ કર્યા છે. સોશિયલ મીડિયામાં ટ્વિટ કરેલ લખાણના એફ.આર.આઈ કરી ગુજરાત પોલીસનો સપોર્ટ લઈ અરેસ્ટ કરવામાં આવ્યા છે એમને મુક્ત કરવામાં આવે તેના માટે વિરોધ કરાયો.

### જોનસન-અદાણીની મુલાકાત યોજાઈ

# અદાણી બ્રિટશ કંપનીઓ સાથે ડિફેન્સ, એરોસ્પેસમાં કામ કરશે, ભારતીય વિદ્યાર્થીઓને ૨ લાખ પાઉન્ડની સ્કોલરશીપ આપશે



અમદાવાદ,

યુકેના પ્રધાનમંત્રી બોરિસ જોનસન આજે ગુજરાતની મુલાકાતે છે ત્યારે તેઓ ગુજરાતના અગ્રણી ઉદ્યોગપતિ અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીને મળ્યા હતા. બંને વચ્ચે આશરે એક કલાક ચાલેલી મુલાકાત બાદ ગૌતમ અદાણીએ એક ટ્વિટ કરી જણાવ્યું હતું કે અદાણી ગ્રુપ બ્રિટિશ કંપનીઓ સાથે મળી ડિફેન્સ અને એરોસ્પેસ ટેકનોલોજી સેકટરમાં કામ કરશે. આ ઉપરાંત રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઈડ્રોજન અને નવી ઉર્જા વિકસાવવાના એજન્ડા પર પણ ફોકસ કરવામાં આવશે. ચેરમેન ગૌતમ અદાણીએ ચાલુ વર્ષે જૂનમાં અદાણીના સહયોગથી લંડનમાં યોજાનાર આગામી ભારત- યુકે ક્લાઈમેટ ચેન્જ અને ટેકનોલોજી શિખરમાં ભાગ લેવા માટે બ્રિટનના વડાપ્રધાનને આમંત્રણ પણ આપ્યું છે.

આજની આ બેઠકમાંઅદાણીએ બ્રિટિશ સરકારની સૌથી પ્રખ્યાત આંતરરાષ્ટ્રીય સ્કોલરશિપ કેવેનિંગ સ્કોલરશિપ મારફત ભારતના યુવાનો માટે એકેડેમિક સગવડ માટેના પ્રોગ્રામની પણ જાહેરાત કરી હતી.યુકેમાં માસ્ટર ડીગ્રીના અભ્યાસ માટે દર વર્ષે ભારતના સ્નાતક વિદ્યાર્થીઓને ૫ સ્કોલરશિપ મારફત અદાણી ગુપ ૨ લાખ પાઉન્ડ (આશરે રૂ. ૨ કરોડ) પુરા પાડશે.

અદાણી ગ્રુપે જણાવ્યું હતું કે, બ્રિટીશ વડાપ્રધાન અને અદાણી ગૃપના ચેરમેન વચ્ચેની આજની બેઠકના એજન્ડમાં ડિફેન્સ ક્ષેત્રમાં સહયોગ સાધવાનો મુદ્દો સૌથી અગ્ર ક્રમે હતો. આત્મ નિર્ભર ભારત અભિયાનના ભાગ રુપે એરોસ્પેસ અને ડીઝાઈન ટેકનોલોજીમાં અદાણી ગૃપ અને જાણીતી બ્રિટીશ કંપનીઓ કેવી રીતે સહયોગ કરી શકે તેની શક્યતા બન્ને પક્ષો ચકાસશે. ભારતે ૩૦૦થી વધુ અલગ અલગ શ્રેણીઓના સંરક્ષણ સાધનોની આયત ઉપર પ્રતિબંધ મૂકીને સંરક્ષણ ક્ષેત્રમાં સ્વાવલંબી થવા માટેનો પોતાનો ઈરાદો દર્શાવ્યો છે.

અદાણી ગ્રુપે જણાવ્યું હતું કે, ૨૦૩૦ સુધીમાં ભારતીય શસ્ત્રદળોને અદ્યતન કરવા માટે ભારતે નિર્ધાર કરેલા ૩૦૦ અબજ ડોલરના રોકાણ સાથે અદાણી ગૃપ રડાર્સ, જાસૂસી, હવાઈ સંરક્ષણ, માનવવિહીન અને રોટરી પ્લેટફોર્મ્સ તેમજ હાઈપરસોનિક એન્જીન સહીતના અસંખ્ય ક્ષેત્રો ઉપર લક્ષ્ય કેન્દ્રીત કરી રહ્યું છે. ટેકનોલોજીની વાસ્તવિક અદલાબદલી (ટૂ ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી) આધારીત ખાનગી ક્ષેત્રે વિશ્વકક્ષાની ડિઝાઈન અને ઉત્પાદન મારફત સંરક્ષણ ક્ષેત્ર માટે ભારતને નિકાસના હબમાં પરીવર્તિત કરવાનું અદાણીનું લક્ષ્ય છે.

# વલસાડના પંપે પાણીવાળું પેટ્રોલ આપ્યું, વાહનો બગડ્યા, ચાલકો રોષે ભરાયા



વલસાડ,

શહેરની ધરમપુર ચોકડી નજીક આવેલા ઈન્ડિયન ઓઈલના પેટ્રોલ પંપમાંથી પેટ્રોલની સાથે પાણી નીકળતા અસંખ્ય વાહનો ખોટવાયા હતા. આ કારણે ૨૦થી વધુ વાહનોની પેટ્રોલની ટાંકીમાં પેટ્રોલ સાથે પાણી પણ આવતા વાહનોમાં ખામી સર્જાઈ હતી. આથી વાહનચાલકોએ પેટ્રોલ પંપ પર હોબાળો મચાવતા માહોલ ગરમાયો હતો. જે બાદ પોલીસનો કાફલો પણ સ્થળ પર પહોંચ્યો હતો. રોષે ભરાયેલા વાહન ચાલકોએ પેટ્રોલ પંપના સંચાલક પાસેથી પોતાના વાહનમાં થયેલા નુકસાનના વળતરની માંગ કરી હતી. જે બાદ પંપના ચાલકે પમ વાહનના રિપેરિંગ કરાવવાની ખાતરી આપી હતી.

બનાવની વિગત મુજબ, વલસાડના ધરમપુર ચોકડી નજીક આવેલા ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ પર બુધવારે સાંજના સમયે પેટ્રોલ ભરાવવા આવેલા વાહન ચાલકોને કડવો અનુભવ થયો હતો. આ પંપ પર પેટ્રોલ ભરાવવા આવેલા વાહનોમાં પેટ્રોલની સાથે પાણી પણ પેટ્રોલ ટાંકીમાં ગયું હતું. આથી પેટ્રોલ ભરાવી અને વાહનો થોડા આગળ વધતાં જ અનેક વાહનો ખોટવાયા હતા.આમ ટુ વ્હીલર અને ફોર વ્હીલર મળી ૩૦થી વધુ વાહનોની પેટ્રોલની ટાંકીમાં પેટ્રોલ સાથે પાણી પણ આવતા રોષે ભરાયેલા વાહન ચાલકોએ પેટ્રોલ પંપ પર હોબાળો મચાવ્યો હતો.

પેટ્રોલ પંપમાંથી પેટ્રોલ સાથે પાણીનીકળતા વાહનચાલકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. રોષે ભરાયેલા વાહનચાલકોએ પેટ્રોલ પંપના સંચાલક પાસેથી વાહનને થયેલા નુકસાનના વળતરની માંગ કરી હતી. જોકે પેટ્રોલ પંપ સંચાલક પોતાનો બચાવ કરતા જોવા મળ્યા હતા. પેટ્રોલ પંપના સંચાલક અને વાહન ચાલકો વચ્ચે બબાલ થતા મામલો ગરમાયો હતો હતી.

ઘટનાની જાણ થતાં વલસાડ પોલીસનો કાફલો પણ સ્થળ પર પહોંચ્યો હતો અને પરિસ્થિતિ થાળે પાડવા પ્રયાસ કર્યો હતો. મહત્વપૂર્ણ છે કે, આ અગાઉ પણ વલસાડના આ પેટ્રોલ પંપ પર ગેરરીતિની ફરિયાદો મળી ચૂકી હતી. ત્યારે ફરી એક વખત આ પંપ પર પેટ્રોલ સાથે પાણી નીકળતા અનેક વાહનોમાં નુકસાન થયું હતું. આથી વાહનચાલકોએ પેટ્રોલ પંપ સંચાલક પર ગંભીર આક્ષેપો કર્યા હતા.

# સુરત : ૬ વર્ષની બાળકી સાથે બળાત્કાર કરનારા બે સંતાનના પિતાને કોર્ટે ફટકારી આજીવન કેદની સજા

સુરત,

આજથી પાંચેક વર્ષ પહેલાં ડિંડોલીમાં રહેતી ૬ વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારનારા આરોપી પાડોશી એવા મૂળ બિહારના રહેવાસી ૨૫ વર્ષીય પરિણીત યુવાનને કોર્ટે મરે ત્યાં સુધી જેલની સજા અને રૂપિયા ૫ હજારના દંડનો હુકમ કર્યો હતો. કોર્ટે પીડિતા બાળકીને રૂપિયા ૭ લાખ આપવાનો પણ આદેશ કર્યો હતો.

કોર્ટે ચુકાદામાં નોંધ્યુ હતુ કે, આરોપીને પત્ની અને બાળકો છે તેણે દયાની ભીખ માગી છે. જોકે, આરોપીનું કૃત્ય સમાજ અને કુટુંબ માટે શરમજનક છે. આરોપીને માત્ર આજીવન કેદ ન આપતા મૃત્યુ ન પામે ત્યાં સુધીની સખ્ત કેદની સજા કરવામાં આવે તો તેથી તે જીવનભર પસ્તાતો રહે અન્ય માટે હંમેશા લાલબત્તી બનીને રહે તે જરૂરી છે.

નવાગામ ડીંડોલી ખાતે જ જલારામનગર સોસાયટીમાં રહેતા ૨૫ વર્ષીય મૂળ ઉત્તરપ્રદેશના વતની આરોપી ધર્મેન્દ્ર વિનોદરામ રાઈદાસ પોતાની પાડોશમાં રહેતી ૭ વર્ષીય બાળકીને તા.૨૧-૧૦-૨૦૧૭ના રોજ બિસ્કીટની લાલચ આપી ઉંચકીને પોતાની રૂમમાં લઈ ગયો હતો. જ્યાં ભોગ બનનાર બાળકીને લાફા મારીને આરોપીએ દુષ્કર્મ આચરીને લોહી લુહાણ કરી ફરીથી તેના ઘર પાસે મુકીને નાસી ગયો હતો. જેથી ભોગ બનનારના ગુપ્તભાગેથી લોહી નીકળતા તેની માતાએ બાળકીને પુછતાં તેણે રડતા રડતા પાડોશી અંકલની કુકર્મની કહાણી કહી હતી.

જેથી ભોગ બનનારની ફરિયાદી માતાએ આરોપી વિરુધ્ધ ડીંડોલી પોલીસમાં ઈપીકો-૩૬૩, ૩૨૩,૩૭૬(એબી) પોક્સો એક્ટની કલમ-૪,૬ના ગુનાની ફરિયાદ નોધાવતા પોલીસે આરોપીની ધરપકડ કરી જેલભેગો કર્યો હતો. છેલ્લાં પાંચેક વર્ષથી ચાલતી કેસ કાર્યવાહી દરમિયાન બચાવપક્ષે મુખ્યત્વે ફરિયાદપક્ષના સ્વતંત્ર સાક્ષીઓ હોસ્ટાઈલ જાહેર થયા છે. ભોગ બનનારની જુબાનીમાં ગંભીર વિરોધાભાસ ઉપરાંત કપડાના મુદ્દામાલ પણ અલગ હોઈ ફરિયાદપક્ષના કેસ શંકાસ્પદ હોવાનો બચાવ લીધો હતો.

જ્યારે સરકારપક્ષે એપીપી દિપેશ દવેએ કુલ ૭૨ સાક્ષીઓ તથા ૧૨ દસ્તાવેજી પુરાવા રજુ કર્યા હતા. બાળકીને ગુપ્ત ભાગે ગંભીર ઈજા થવાથી સર્જરી કરીને સાત દિવસ સુધી સારવાર આપવામાં આવી હતી. ભોગ બનનાર તથા આરોપીના કપડા પરથી મળેલા લોહીનો રિપોર્ટ એક આવ્યો હતો. ભોગ બનનાર, ફરિયાદીની જુબાની, તબીબી, સાંયોગિક તથા ફોરેન્સિક પુરાવાના આધારે કોર્ટે આરોપી ધર્મેન્દ્ર વિનોદરામને તમામ ગુનામાં દોષી ઠેરવી તમામ ગુનામાં મહત્તમ સજા તથા દંડનો હુકમ કર્યો હતો.

## જહાંગીરપુરીમાં ૨ અઠવાડિયા સુધી બુલડોઝર નહીં ચાલે, સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો

નવીદિલ્હી,

દિલ્હીના જહાંગીરપુરીના ગેરકાયદેસર અતિક્રમણ પર બે અઠવાડિયા સુધી બુલડોઝર નહીં ચલાવવામાં આવે સુપ્રીમ કોર્ટે ગુરુવારે સુનાવણી દરમિયાન આ વચગાળાનો આદેશ આપ્યો છે. દિલ્હીના જહાંગીરપુરમાં હિંસા બાદ બુધવારે સુપ્રીમ કોર્ટમાં જમીયત ઉલેમા-એ-હિંદ વતી હાજર થયેલા દુષ્યંત દવેએ તેને રાષ્ટ્રીય મહત્વનો મામલો ગણાવ્યો હતો. આ સાથે તેણે એક સમુદાયને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો. સુનાવણીના બીજા દિવસે દુષ્યંત દવેએ કહ્યું હતું કે આ પહેલા ક્યારેય આવી કાર્યવાહી કરવામાં આવી નથી. તેમણે વધુમાં કહ્યું કે પોલીસે હિંદુ પક્ષ વિરુદ્ધ એફઆઈઆર પણ દાખલ કરી છે કે તમે પરવાનગી વિના યાત્રા કાઢી હતી.

બીજી તરફ, એલ. સોલિસિટર જનરલે નાગેશ્વર રાવ અને બીઆર ગવઈની સુનાવણી કરી રહેલી બેન્ચને કહ્યું કે તેઓને કેસના તથ્યો પર વાત કરવા કહ્યુંસ, આ ભાષણ માટેનું મંચ નથી. આ પછી જજે કહ્યું કે તમે કેસ પર વાત કરો. જસ્ટિસ વતી કહેવામાં આવ્યું હતું કે અતિક્રમણ હટાવવાનું રોકી શકાય નહીં. આ કામ બુલડોઝર દ્વારા જ કરવામાં આવે છે.

એડવોકેટ દવેએ જણાવ્યું હતું કે કાયદાકીય રીતે ૫ થી ૧૫ દિવસની નોટિસ આપવી જોઈતી હતી. આવા મામલાઓમાં ઘણી વખત કોર્ટે નોટિસનો સમયગાળો લંબાવ્યો છે. તેમણે વધુમાં કહ્યું કે, ભાજપના નેતાએ પત્ર લખ્યો અને લોકોને કોઈ તક આપ્યા વિના કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી. દિલ્હીમાં ૧૭૩૧ અનધિકૃત કોલોનીઓ છે. લગભગ ૫૦ મિલિયન લોકો ત્યાં રહે છે. પરંતુ માત્ર એક જ કોલોનીને નિશાન બનાવવામાં આવી રહી છે. દવેએ જણાવ્યું હતું કે ૩૦ વર્ષથી વધુ જૂના બાંધકામને અચાનક તોડી પાડવાનું શરૂ કરી દેવામાં આવ્યું હતું.

બીજી તરફ કપિલ સિબ્બલે કહ્યું કે અતિક્રમણ અને ગેરકાયદે બાંધકામ આખા દેશની સમસ્યા છે. પરંતુ તેની આડમાં તેઓ એક સમુદાયને નિશાન બનાવી રહ્યા છે. સાંસદ મંત્રીએ કહ્યું કે જો મુસ્લિમો ધાર્મિક યાત્રાધામો પર હુમલો કરશે તો તેમની પાસેથી કોઈ છૂટ આપવામાં આવશે નહીં. આ કોણે નક્કી કર્યું? આ કાયદો ક્યાં છે? કેટલીક જગ્યાએ સમુદાયના લોકોને તેમના વિસ્તારમાં કેદ કરવામાં આવ્યા છે. દેશમાં કાયદાનું શાસન છે તેવો સંદેશ કોર્ટ માટે આપવાનો સમય આવી ગયો છે.

## યુદ્ધને કારણે ટાટા સ્ટીલે રશિયા સાથેનો બિઝનેસ બંધ કર્યો

નવીદિલ્હી,

ખાનગી ક્ષેત્રની કંપની ટાટા સ્ટીલે રશિયા સાથે કારોબાર બંધ કરવાની જાહેરાત કરી છે. કંપનીએ આ પગલું રુસ-યુક્રેન યુદ્ધ વચ્ચે ઉઠાવ્યું છે. કંપનીના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "ટાટા સ્ટીલની રશિયામાં કોઈ કામગીરી નથી અને ન તો તેના ત્યાં કર્મચારીઓ છે. અમે કાળજીપૂર્વક વિચારણા કર્યા પછી રશિયા સાથેનો વેપાર બંધ કરવાનો નિર્ણય લીધો છે.

ટાટા સ્ટીલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે વ્યાપાર સાતત્ય માટે, ભારત, યુકે અને નેધરલેન્ડમાં કંપનીના તમામ સ્ટીલ ઉત્પાદન પ્લાન્ટોએ કાચા માલના વૈકલ્પિક પુરવઠાની વ્યવસ્થા કરી છે. આનાથી રશિયા પરની તેમની નિર્ભરતા સમાપ્ત થઈ ગઈ છે. કંપનીએ તેની વિવિધ કામગીરી માટે રશિયા પાસેથી મર્યાદિત માત્રામાં કોલસો મેળવ્યો છે.

ભૂતકાળમાં દેશની અગ્રણી આઈટી કંપની ઈન્ફોસિસે પણ રશિયા સાથેનો કારોબાર બંધ કરવાની જાહેરાત કરી હતી. અમેરિકા સહિત તમામ યુરોપીયન દેશો ભારત અને ભારતીય કંપનીઓને રશિયા વિરુદ્ધ પગલાં લેવાનું કહી રહ્યા છે. ઘણી મોટી કંપનીઓ પણ રશિયામાંથી પોતાનો બિઝનેસ પાછો ખેંચી રહી છે.

હવે ટાટા સ્ટીલ પણ દેશની એવી કેટલીક કંપનીઓમાંની એક બની ગઈ છે જેણે રશિયામાંથી પોતાનો બિઝનેસ પાછો ખેંચી લીધો છે. જોકે, આ સમગ્ર મામલે ભારતનું વલણ અલગ છે. ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં દરેક જગ્યાએ યુદ્ધની ટીકા કરી છે પરંતુ રશિયા વિરુદ્ધ મતદાન કરવાથી દૂર રહ્યું છે.

ટાટા સ્ટીલ તેની ફેક્ટરી ચલાવવા અને સ્ટીલ બનાવવા માટે રશિયાથી કોલસાની આયાત કરે છે. ભારત ઉપરાંત, કંપનીની યુકે અને નેધરલેન્ડ્સમાં સ્ટીલ ફેક્ટરીઓ છે. કંપનીનું કહેવું છે કે આ ફેક્ટરીઓમાં સપ્લાય યોગ્ય રાખવા માટે વૈકલ્પિક બજારોમાંથી કાચા માલની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

## હિમાચલમાં કાળા નાણાંને સફેદ કરવા પર ૪૦થી વધુ લોકો તપાસના દાયરામાં

શિમલા,

હિમાચલ પ્રદેશમાં આ વર્ષ ૪૦ કારોબારી અને અન્ય લોકો કાળા નાણાં સફેદ કરવાના આરોપમાં તપાસના દાયરામાં આવ્યા છે. મની લોન્ડ્રીંગ અને હવાલાની શંકા વ્યકત કરતા હિમાચલ પ્રદેશ પોલીસે ૭ નવા મામલાની યાદી પ્રવર્તન નિદેશાલય ઈડીને મોકલી છે.જેમાં ૪૦થી વધુ લોકોની વિરૂધ્ધ ઈડી તપાસ કરશે. પોલીસે ઈડીને સંબંધિત દસ્તાવેજો પણ મોકલ્યા છે.આ તમામ લોકોની વિરૂધ્ધ પોલીસમાં અલગ અલગ પોલીસ સ્ટેશનોમાં વિવિધ કલમો હેઠળ મામલા દાખલ છે.પોલીસે આ મામલામાં આરોપીઓની લગભગ ચાર કરોડથી વધુની ચલ અચલ સંપત્તિ અટેચ કરી ચુકી છે. મની લોન્ડ્રીંગના આરોપમાં શરાબ ફેકટરીઓથી જોડાયેલા, ખનન,ખાનગી વિશ્વ વિદ્યાલય બેંક વગેરે વિવિધ સંસ્થાનોથી જોડાયેલા સંચાલકો અધિકારીઓ અને કર્મચારીઓને લપેટવામાં આવ્યા છે.આ ઉપરાંત નશા તસ્કરીથી જોડાયેલ કારોબારી પણ સામેલ છે.વર્ષ ૨૦૨૧થી લઈ અત્યાર સુધી પોલીસ પ્રશાસને ૧૦૦થી વધુ આરોપીઓની સંપત્તિની તપાસ ઈડીને સોંપી છે,૭ નવા મામલામાં સામેલ ૪૦થી વધુ લોકોની વિરૂધ્ધ કેટલાક સમયમાં સોલન પરવાણુ ઉના કાલાઅંબ ડમટાલ હરોલી નાદોન નાલાગઢ બદી વગેરે પોલીસ સ્ટેશનમાં મામલા દાખલ છે.માનવ ભારતી વિશ્વ વિદ્યાલયની ૧૯૪ કરોડની સંપત્તિ અટેચ કર્યા બાદ પોલીસ વિભાદે મામલાની મૂડ સુધી પહોંચવા અને પારદર્શિતા બનાવી રાખવા માટે તપાસ ઈડીને સોંપવાની શરૂ કરી દીધી છે અનેકની જેસીબી ટ્રક જમીનો રોકડ કાર વગેરેની સંપત્તિને અટેચ કરવામાં આવી છે. ડીજીપી સંજય કુંડૂએ કહ્યું હતું કે પોલીસ અને ગેરકાયદેસર કારોબારીઓ અને અપરાધિઓ પર અંકુશ લગાવવામાં આવી રહ્યો છે. અપરાધમાં સંડોવાયેલા લોકો પર કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે પહેલા પસંદગીના મામલામાં જ ઈડીને મોકલવામાં આવતા હતાં હવે જયાં પણ ધન શોધનની શંકા છે તેને ઈડાને તપાસ માટે મોકલવામાં આવી રહ્યાં છે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે અનુકૂળ પરિણામ આપવાનો છે. તમે સ્પર્ધાના ક્ષેત્રે આગળ વધશો અને જે કામ ઘણા દિવસોથી અટકેલું છે તે આજે પૂર્ણ થશે. પાચનશક્તિ ધીમી થઈ શકે છે અને આંખોમાં મુશ્કેલી આવી શકે છે. પ્રિયજનો સાથે હાસ્યમાં સાંજનો સમય પસાર થશે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત પરંતુ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આજે ઘરની વસ્તુઓ ખરીદવામાં સમય લાગી શકે છે. સાંસારિક આનંદ માણવાના માધ્યમોમાં વધારો થશે. ઓફિસમાં સાથીઓ સાથે થોડો વિવાદ થઈ શકે છે.

મિથુન : આજે તમને ગ્રહોની શુભ સ્થિતિને કારણે મોટી રકમ મળશે અને અટકેલા કામ પૂરા થતા મનમાં સંતોષ થશે. વ્યાવસાયિક યોજનાઓમાં વેગ મળશે. રાજ્યનું સન્માન અને પ્રતિષ્ઠા વધશે. ઉતાવળ અને ભાવુક થઈને લીધેલા નિર્ણયો પાછળથી પસ્તાવો લાવી શકે છે.

કર્ક : આજનો દિવસ તમારા માટે શુભ ફળ આપનારો છે અને પિતાના આશીર્વાદ-ઉચ્ચ અધિકારીઓના આશીર્વાદથી કોઈ કિંમતી ચીજવસ્તુ અથવા સંપત્તિ મેળવવાની ઈચ્છા આજે પૂર્ણ થશે. આજે કોઈ મહત્વપૂર્ણ કાર્યને કારણે વ્યસ્તતા વધારે રહેશે, બિનજરૂરી ખર્ચ ટાળો.

સિંહ : તમારા માટે આજનો દિવસ સારો છે અને તમને અન્યની મદદ કરવામાં વધુ આનંદ મળે છે. કાર્યક્ષેત્રમાં પણ તમારા પક્ષમાં કેટલાક ફેરફાર થઈ શકે છે, જેના કારણે કેટલાક સાથીઓ તમારી સાથે નારાજ થઈ શકે છે. પરંતુ તમને તેમના શબ્દોથી અસર થશે નહીં.

કન્યા : આજનો દિવસ આનંદદાયક છે. પરિવાર સાથે સારો સમય પસાર કરશો. આજે તમે તમારી પત્ની અને બાળકો સાથે કંઈક સર્જનાત્મક કરશો. બપોર સુધીમાં ખુશખબર પણ મળશે. આરોગ્ય પ્રત્યે સભાન રહેવાની જરૂર છે. સંબંધીઓમાં તમારી લોકપ્રિયતા વધશે.

તુલા : આજનો દિવસ ખાસ રહેશે અને તમારા વિવાહિત જીવનમાં ખુશીઓ વધશે. આજે મુસાફરી થઈ શકે છે, પરંતુ સલામતીનું ખાસ ધ્યાન રાખો. ધંધામાં વધતી પ્રગતિથી ખુબ ખુશી થશે. વિદ્યાર્થીઓ માનસિક બૌદ્ધિક ભારથી મુક્તિ મેળવશે અને તેઓ પહેલાથી હળવાશ અનુભવે છે.

વૃશ્ચિક : આજે તમે જે કાર્યો તમે વિચાર્યા હતા તે પૂર્ણ કરી શકશો. આર્થિક સ્થિતિ પહેલા કરતા સારી રહેશે. વ્યવસાયમાં પરિવર્તનની યોજના છે. તમને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળશે અને તમારા બાળકો તમારી સાથે ખુશ રહેશે. તમે સાંજે ધાર્મિક સ્થળોએ જવાનું કાર્ય કરી શકો છો.

ધન : આજનો દિવસ તમારા માટે સારા પરિણામ આપવાનો છે. નાણાકીય પક્ષ મજબૂત રહેશે. અટકેલા કામો પૂરા થશે અને ખ્યાતિ વધશે. પ્રિયજનો સાથે મુલાકાત થશે અને મન પ્રસન્ન રહેશે. વાણી પર નિયંત્રણ રાખવામાં નિષ્ફળતા તમને પ્રતિકૂળ પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે.

મકર : આજે અચાનક શરીરના દુઃખાવાને લીધે વધુ ખર્ચ કરવાની સ્થિતિ આવી શકે છે. કોઈ મિલકત ખરીદતી વેચતી વખતે તેના તમામ કાયદાકીય પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લો. પાછળથી દગો થઈ શકે છે. સાંજે માતાની તબિયતમાં સુધારો થશે.

કુંભ : આજે તમે તમારા હરીફો માટે માથાનો દુઃખાવો સમાન રહેશો. દાંપત્ય જીવનમાં ખુશાલીની સ્થિતિ રહેશે. તમારા જીવનસાથીની યોગ્ય સલાહ મેળવીને તમે આજે મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકો છો. આનાથી તમને ભવિષ્યમાં ફાયદો થશે.

મીન : આજનો દિવસ શુભ છે અને શિક્ષણ-સ્પર્ધાના ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને વિશેષ સિદ્ધિઓ મળશે. આવકના નવા સ્ત્રોત સર્જાશે. અન્ય લોકો સાથે વાત કરવાની તમારી રીત અને તમારી પ્રામાણિકતા તમને વિશેષ માન આપશે. જીવનસાથીનો સહયોગ પુરતી માત્રામાં મળશે.

### ભારત દેશના સર્વોચ્ચ સ્થાને બીરાજેલ વડાપ્રધાન મોદીના મહાસંમેલનમાં

# પ્રવેશ સંબંધે પત્રકારોના પાસ ઈસ્યુ કરવામાં દાહોદના નાયબ માહિતી નિયામકની લાપરવાહીએ ચોથી જાગીરનું ઘોર અપમાન કર્યું : તંત્ર જવાબ આપે

દાહોદ,

પત્રકારએ લોકશાહીની ચોથી જાગીર છે. ચોથી જાગીર સરકારી તંત્રને વેગ આપવામાં તેમજ શાસક પ્રણાલીને હંમેશા પ્રેરકબળ પુરૂં પાડતી હોય છે. ચોથી જાગીર સર્વોપરી છે, જે સાચી અથવા ખોટી ઘટનાઓને જાહેર જનતા સમક્ષ મુકવામાં તેમજ સરકારી તંત્રના ધ્યાને આવે તેમજ લોકશાહી સંવિધાનિક ઢાંચો કાયમ રહે તે માટે કટિબધ્ધ હોય છે. જેમાં ન્યૂઝ પેપર માલિક – તંત્રીઓ તેમજ ઈલેક્ટ્રોનિક મિડીયાના માલિકો – તંત્રીઓ તેમજ એન્કરોની અહેમ ભુમિકા હોય છે પરંતુ આજરોજ તારીખ ૨૦/૪/૨૦૨૨ના રોજ દાહોદના ખરોડ મુકામે આદિવાસી મહાસંમેલનમાં પાસ ઈસ્યુ કરવામાં વ્હાલા દવલાની નિતીએ લોકશાહીની ચોથી જાગીરનું ઘોર અપમાન કરેલ છે. જે બાબતે મિડીયા જગત દુઃખની લાગણી વ્યક્ત કરે છે.

આજરોજ તા.૨૦/૪/૨૦૨૨ના રોજ દાહોદની સાક્ષર ધરા પર ભારત દેશના લોકલાડીલા વડાપ્રધાન મોદીનું આગમન થયેલ આ વિસ્તારના કેટલાક વિકાસ કામોનું લોકાર્પણ તેમજ ખાતમુહુર્ત સંબંધે મોદીજીએ પોતાનો અમુલ્ય સમય ફાળવી દાહોદ ટ્રાયબલ વિસ્તારમાં અવિરત ગંગા વહેતી રહે તેમજ જનમાનસના વિકાસ કામોને વેગ મળી રહે તે હેતુ મહાસંમેલનનું આયોજન થતુ હોય ત્યારે સુરક્ષા–સલામતિ હેતુ સરકારની એક પ્રકારની અલગ વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. જેમાં પ્રવેશ સંબંધિ વીવીઆઈપી/ મિડીયા પાસ/ તેમજ અન્ય પ્રવેશ બાબતે અલગ અલગ ઓથોરીટીથી પાસ ઈસ્યુ થતા હોય છે, પરંતુ આજના આ મહાસંમેલનમાં દાહોદના નાયબ માહિતી નિયામકે મિડીયા માટેના પાસ ઈસ્યુ કરવામાં કિન્નાખોરી રાખી હોવાનું સ્પષ્ટ નજરે પડી રહ્યું છે.

પાસ ઈસ્યુ કરવામાં કેટલાક પત્રકારોને વીવીઆઈપી પાસ ઈસ્યુ કર્યા અને છાપાના માલીકને મીડીયા પાસ ઈસ્યુ કર્યા આ બંને વચ્ચેનો તફાવત/માપદંડ દાહોદના માહિતી નિયામક સ્પષ્ટ કરે ? જે તેઓની અમુક પત્રકારો સાથેની મિલીભગત સ્પષ્ટ નજરે પડે છે. જે લોકશાહીની ચોથી જાગીર માટે કલંકિત છે. દાહોદથી પ્રસિધ્ધ થતા દૈનિક છાપાના માલિકનો મિડીયા પાસ ઈસ્યુ કર્યો જ્યારે પત્રકારોનો વીવીઆઈપી પાસ ઈસ્યુ કર્યો જે શુ દર્શાવે છે ? શું આ અધિકારીની લાપરવાહી ગણો કે જાણીબુઝીને કરેલી ભુલ અથવા કિન્નાખોરી શુ તંત્ર આ અંગે કોઈ નક્કર કાર્યવાહી કરશે ખરૂં ?? ચોથી જાગીરમા ભાગલા પડાવવા વાળા ઈસમોથી ચેતો આ એક પ્રકારનું દુષણ છે. લોકશાહીનો ચોથો સ્તંભ હંમેશા પ્રબળ અને મજબુત રહે તે માટે સરકારી તંત્ર ગંભીર નોંધ લે જે લોકશાહી માટે જાહેર હિતમાં છે.

## ઝાલોદના શારદા ગામે કડાણાની કામગીરી રોડ વચ્ચે શરૂ કરી અધુરી છોડી દેતાં અકસ્માતની ઘટનાઓ



દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના શારદા ગામે કડાણાની કામગીરી રોડ વચ્ચે શરૂ કરી દઈ કામગીરી અધ વચ્ચે છોડી એજન્સી રફુચક્કર થઈ જતાં આ માર્ગ ઉપર અકસ્માતો સર્જાઈ રહ્યાં છે. જાણવા મળ્યાં અનુસાર, તાજેતરમાં માર્ગ અકસ્માતને પગલે ત્રણ જણાના મોત નીપજ્યાંનું પણ જાણવા મળી રહ્યું છે.

શારદા ગામે કડાણાની કામગીરી રોડ વચ્ચે શરૂં કરી દેવામાં આવતાં અહીંના લોકોને અવર જવરમાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ માર્ગ ઉપર અકસ્માતોના બનાવોમાં પણ બનાવો બનતા રહે છે. સ્થાનીક લોકો પણ ભારે હેરાન પરેશાન થઈ રહ્યાં છે. વાહન ચાલકો અકસ્માતોમાં પોતાનો જીવ ગુમાવી રહ્યાં છે. જાણવા મળ્યાં અનુસાર, એક એજન્સી દ્વારા આ કામગીરી કરી કર્યાં હતાં અને અધ વચ્ચે કામગીરી કરી જતાં રહ્યાં હોવાના આક્ષેપો પણ સ્થાનીકો કરી રહ્યાં છે. આ કડાણાની પાઈપ લાઈનનું કામકાજ તાત્કાલિક પુર્ણ કરી દેવામાં આવે તેમજ આ કામગીરી રસ્તાની અડધે વચ્ચે કરી દેવામાં આવી હોવાના આક્ષેપો પણ કરવામાં આવી રહ્યાં છે. આ રસ્તા પર મટીરીયલ પણ રસ્તાની આજુબાજુ તેમજ આસપાસ પડી રહ્યું છે પરંતુ એજન્સી દ્વારા કોઈ નક્કર પ્રકારની કામગીરી કરવામાં આવતી નથી.

## આહાર સંસ્થા દ્વારા સરકારી શાળામાં ટી-શર્ટનું વિતરણ



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

આહાર સંસ્થા દ્વારા દેવગઢ બારીયા તાલુકાની નાની ખજુરી ગામની ૧ થી ૮ ધોરણની પ્રાથમિક શાળા માં આજે તારીખ –૨૧–૪–૨૨ ના રોજ શાળાનું નામ પ્રિન્ટ કરાવેલ ટીશર્ટ શાળામાં અભ્યાસ કરતા ૩૮૦ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓને વડોદરા ધ્વનિ સાપ્તાહિકની લેખિકા કુમારી જુહી સોનીના વરદ હસ્તે વિતરણ કરવામાં આવેલ હતા. સૌ બાળકોને નવા ટીશર્ટ મળતા જ તેઓએ ઉમળકાભેર પહેરી લીધા હતા. સાથે સાથે સૌને બિસ્કિટના પેકેટ પણ આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગામના સરપંચ કરણસિંહ તથા ડેપ્યુટી સરપંચ પણ હાજર રહેલ. તેઓએ ગામડાની શાળામાં ભણતા ગરીબ વિદ્યાર્થીને આહાર સંસ્થા તરફથી મળેલ ટીશર્ટ માટે સંસ્થાનો આભાર માન્યો હતો.અને સંસ્થાની કામગીરીની પ્રશંસા કરી હતી અને શાળાના આચાર્યની ધગશ અને નિષ્ઠા અને બાળકોના ઘડતર માટે સદાય નિતનવું કરવા રચ્યા પચ્યા રહેતા એવા દિલીપભાઈનો પણ સરપંચ એ આભાર માન્યો હતો અને તેઓના કારણે ગામડાની આ શાળામાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ રહ્યા છે અને શાળા ઉતરોત્તર પ્રગતિ કરી રહી છે. તેમ નિઃસંકોચ પણે જણાવ્યું હતું.

# વિશ્વભરમાં કોરોના વાયરસના કેસ સતત વધી રહ્યા છે : કુલ કેસ હવે ૪૯ કરોડને વટાવી ગયા

વોશિંગ્ટન,

વિશ્વભરમાં કોરોના ચેપના કુલ કેસની વાત કરીએ તો, આ સંખ્યા ૪૯૬,૨૭૬,૩૮૩ પર પહોંચી ગઈ છે અને અત્યાર સુધીમાં ૬,૧૯૭,૧૭૮ લોકોના મોત થયા છે. હાલમાં, વિશ્વમાં કોરોનાના ૫૮,૬૨૭,૩૩૮ સક્રિય દર્દીઓ છે. આમાંથી સાજા થનારા લોકોની સંખ્યા ૪૩૧,૦૭૮,૨૨૦ છે.

વિશ્વના સૌથી વધુ કોરોના પ્રભાવિત દેશો અમેરિકા, બ્રાઝિલ, ભારતમાં સ્થિતિ ખૂબ જ ખરાબ છે. અમેરિકામાં સૌથી વધુ કેસ જોવા મળ્યા છે. ત્યાં કોરોના ચેપના કેસોની સંખ્યા આઠ કરોડને વટાવી ગઈ છે અને કોરોનાથી મૃત્યુઆંક ૧૦ લાખને વટાવી ગયો છે.

ભારતમાં કોરોનાના કેસ ૪.૫ કરોડને વટાવી ગયા છે અને મૃત્યુઆંક પાંચ લાખ સુધી પહોંચી ગયો છે. બ્રાઝિલમાં કોરોનાના કેસ ૩૦ મિલિયનને વટાવી ગયા છે. જેના કારણે મૃત્યુઆંક સાડા છ લાખ પર પહોંચી ગયો છે. આ ત્રણ દેશોમાં વિશ્વમાં સૌથી વધુ કોરોના દર્દીઓ છે. ફ્રાન્સ, જર્મની અને યુકેમાં પણ ૨૦ મિલિયનથી વધુ કેસ છે.

રશિયા, તુર્કી, ઈટાલી, સ્પેન, વિયેતનામ અને દક્ષિણ કોરિયામાં કોરોનાના કેસ ૧૦ મિલિયનને વટાવી ગયા છે. આર્જેન્ટિનામાં ૯૦ લાખ, નેધરલેન્ડમાં ૭૯ લાખ, તો ઈરાનમાં કોરોનાના કેસ ૭૧ લાખને પાર કરી ગયા છે. જાપાનમાં ૬૮ અને કોલંબિયામાં ૬ મિલિયન કેસ છે. ઈન્ડોનેશિયામાં પણ ૬૦ લાખ કેસ છે. પોલેન્ડમાં ૫૯ લાખ, મેક્સિકોમાં અત્યાર સુધીમાં ૫૭ લાખથી વધુ કોરોના કેસ મળી આવ્યા છે. યુક્રેનમાં ૪૯ લાખ કેસ છે.

મલેશિયામાં ૪૧ લાખ કોરોના કેસ નોંધાયા છે. ઈઝરાયેલ, બેલ્જિયમ, ઓસ્ટ્રિયામાં ૩૮ લાખ અને દક્ષિણ આફ્રિકામાં ૩૭ લાખ કેસ છે. ફિલિપાઈન્સ, થાઈલેન્ડમાં ૩૬ લાખ અને પોર્ટુગલ, પેરુમાં ૩૫ લાખ કેસ છે. કેનેડા, ચિલી, સ્વિટ્ઝર્લેન્ડમાં ૩૪ લાખ કેસ છે. ડેનમાર્ક, ગ્રીસ અને રોમાનિયામાં ૨૯ લાખથી વધુ કેસ છે.

બાંગ્લાદેશ અને સર્બિયામાં ૧૯ લાખ, હંગેરીમાં ૧૮ લાખ કોવિડ કેસ છે. જોર્ડન અને જ્યોર્જિયામાં ૧.૬ મિલિયન કોવિડ કેસ છે. પાકિસ્તાન અને સ્લોવાકિયામાં ૧.૫ મિલિયન કેસ છે. આયર્લેન્ડ, નોર્વે, કઝાકિસ્તાનમાં ૧.૩ મિલિયન કેસ છે. મોરોક્કો અને બલ્ગેરિયામાં ૧૧ લાખ કોવિડ કેસ મળી આવ્યા છે. લેબનોન, ક્યુબા, ક્રોએશિયા, ટ્યુનિશિયા એવા દેશો છે જ્યાં કોરોના કેસની કુલ સંખ્યા ૧૦ લાખથી વધુ છે.

કોરોનાથી મૃત્યુની વાત કરીએ તો અમેરિકા, બ્રાઝિલ અને ભારત બાદ રશિયામાં ૩ લાખથી વધુ લોકોના મોત થયા છે. મેક્સિકોમાં પણ કોરોનાથી મૃત્યુઆંક ત્રણ લાખ સુધી પહોંચી ગયો છે. પેરુમાં કોરોનાને કારણે બે લાખથી વધુ લોકોના મોત થયા છે. કોવિડે પોલેન્ડ અને ઈરાનમાં એક લાખથી વધુ લોકોના જીવ લીધા છે.

ઈંગ્લેન્ડમાં કોરોનાને કારણે એક લાખ ૬૦ હજાર લોકોના મોત થયા છે. આર્જેન્ટિનામાં કોરોનાથી મૃત્યુઆંક એક લાખને વટાવી ગયો છે. ઈટાલીમાં એક લાખથી વધુ લોકોના મોત થયા છે, જ્યારે સ્પેનમાં પણ કોરોનાથી મૃત્યુઆંક એક લાખને વટાવી ગયો છે.

# દાહોદ જીલ્લામાં કોરોના કેસ સદ્દંતર બંધ થતા રાહત અનુભવતા જીલ્લાવાસી

દાહોદ,

દાહોદમાં છેલ્લા કેટલાંય દિવસોથી કોરોના કેસોમાં સંદતર ઘટાડો નોંધાતાં દાહોદવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે. કોરોનાની પહેલી અને બીજી લહેર કરતાં દાહોદ જિલ્લામાં કોરોનાની ત્રીજી લહેરે પ્રકોપ ઓછો કરતાં લોકોમાં રાહત જોવા મળી હતી. આજે શુન્ય કોરોના કેસ સાથે એક્ટીવ કેસની સંખ્યા પણ શુન્ય થઈ જવા પામી છે. છેલ્લા ઘણા સમયથી કોરોનાના કેસોમાં ઘટાડો નોંધાતાં દાહોદની સરકારી હોસ્પિટલોથી લઈ ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓની સંખ્યા ઓછી થઈ રહી છે અને હાલ એક પણ દર્દી સારવાર નથી લઈ રહ્યો હતો.

આજે કોરોનાના શુન્ય કેસ નોંધાંયો છે. અગાઉ પણ ઘણા દિવસોથી શુન્ય તેમજ એકલ દોકલ કોરોના કેસો નોંધાતાં હતાં અને એક્ટીવ કેસની સંખ્યા પણ શુન્ય નોંધાંતાં અને તમામ દર્દીઓને રજા આપી દેતાં દાહોદ જિલ્લો કોરોના મુક્ત થઈ જવા પામ્યો છે. કોરોનાની ત્રીજી લહેરમાં દાહોદ જિલ્લો સુરક્ષિત છે તેમ કહીએ તેમાં કોઈ અતિશ્યોકિત નહીં ગણાય. કોરોનાની પ્રથમ લહેર અને કોરોનાની બીજી લહેરે દેશ, દુનિયા સહિત દાહોદ જિલ્લામાં પણ પ્રકોપ છવાયો હતો ત્યારે કોરોનાની ત્રીજી લહેરમાં લોકોએ સાવચેતી વાપરી માસ્ક, સોશીયલ ડિસ્ટન્સ અને વેક્સિનેશન કરાવી લેતાં કોરોનાથી લોકો રક્ષણ મેળવી રહ્યાં છે. દાહોદ જિલ્લાની સરકારી હોસ્પિટલોથી લઈ ખાનગી હોસ્પિટલોમાં હવે કોરોનાની દર્દીઓ જોવા મળતાં નથી. દાહોદની હોસ્પિટલમાં હાલ એક પણ દર્દી કોરોનાની સારવાર લઈ રહ્યો નથી. જેને પગલે દાહોદવાસીઓએ રાહતનો શ્વાસ પણ લીધો છે.

## દાહોદ જીલ્લામાં વહેલી સવાર થી વાતાવરણમાં પલ્ટો આવતાં ઠંડક અનુભવાઈ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લાના અનેક વિસ્તારોમાં આજરોજ વહેલી સવારથીજ વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો હતો. જેને પગલે વાદળછાયા વાતાવરણ વચ્ચે અને અમી છાંટા વચ્ચે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

વહેલી સવારથી જ દાહોદ શહેર સહિત જિલ્લાના ગરબાડા, લીમખેડા, દેવગઢ બારીઆ, ઝાલોદ, ફતેપુરા, સંજેલી જેવા તાલુકાઓ અને ગ્રામ્ય વિસ્તારામાં વાદળછાયુ વાતાવરણ સર્જાયુ હતું. ઘણા સ્થળોએ અમી છાંટા પણ પડ્યાં હતાં. આજના વાદળછાયા વાતાવરણ વચ્ચે ગરમીથી લોકોને રાહત મળી હતી. અસહ્ય ગરમી તેમજ તાપના પ્રકોપે લોકો છેલ્લા કેટલાંય દિવસોથી ત્રાહિમામ્ પોકારી ઉઠ્યાં હતાં ત્યારે આજના વાતાવારણને પગલે લોકોને ગરમીથી રાહત મળી હતી. અગાઉ હવામાન વિભાગ દ્વારા વરસાદી તેમજ વાવાઝોડાની આગાહી પણ આપવામાં આવી હતી. જેને પગલે આ અસર દાહોદ જિલ્લામાં પણ જોવા મળી હતી. આખો દિવસ વાદળછાયું વાતાવરણ રહેતા લોકોને ગરમી તેમજ બફારાથી રાહત મળી હતી.

### ભરઉનાળે વરસાદી માહોલ

## દે.બારીયા શહેર તથા પંથકમાં વહેલી સવારે અમી છાંટા સાથે વિજળીના ચમકારા

દે.બારીયા,

દે.બારીયા શહેરમાં હજુ તો લોકો નિંદ્રા માંથી જાગ્યા નથી. ભરઉનાળે વરસાદી અમી છાંટા સાથે વિજળીના ચમકારા ગાજવીજ સાથે અમી છાંટા જોવા મળ્યા હતા અને વાતાવરણમાં અચાનક પલટો આવતા લોકોમાં દોડધામ મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ તા.૨૩૧/૦૪/૨૦૨૨ ગુરુવારના રોજ વહેલી સવારે ૬.૩૦ કલાકના સમયે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરના કારણે હવામાન વિભાગ જે માગઠાની આગાહી કરી હતી. તે સાચી સાબિત થતા વહેલી પરોઢે અમી છાંટા સાથે વાદળ છાયું વાતાવરણ જોવા મળતા ધરતીપુત્રોમાં ચિંતા વધી જવા પામી હતી. પંથકમાં હાલ કેરી તથા તરબુચનો પાક તૈયાર થયેલો જેમાં નુકશાની થવાની ભીંતિ સેવાઈ રહી છે. જ્યારે ઉનાળુ શાકભાજીમાં ટામેટાં, કાકડી, ભીંડા અને કારેલા જેવા શાક પાનમ નદીના પટમાં વાવેતર થતો હોય છે. જે નદીમાં અચાનક માવઠાના કારણે પાણી આવે તો આ તમામ તૈયાર પાકને નુકશાન થઈ શકે છે. પરંતુ અમી છાંટા સાથે એક કલાક બાદ વાદળો વિખરાઈ ગયા ત્યારે ખેડુતોની ચિંતા ઓછી થઇ હતી.




તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

**દાહોદ ખાતે બુધવારે આદીવાસી મહાસંમેલનમાં દેશના લોકલાડીલા વડાપ્રધાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ઉપસ્થિત રહ્યા હતા. જેમાં લાખોની સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ૨૧ હજાર કરોડના વિકાસ કામો દાહોદની પ્રજાને અર્પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના દંડક રમેશભાઈ કટારા અને ફતેપુરાના ધારાસભ્ય રમેશભાઈ કટારા એ આદિવાસી સંસ્કૃતિ મુજબ દેશના લોકલાડીલા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનું ચાંદીનો કંદોરો પહેરાવીને ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ બાદ પ્રધાનમંત્રી એ રમેશભાઈ કટારાને તેમની દાદીના હાલ ચાલ પૂછ્યા હતા અને દાદીના હાથના રોટલા ખાધા છે, એવું જણાવ્યુ હતું.**

## બાગાયત સહાયલક્ષી યોજનાઓનો લાભ લેવા માટે આગામી તા.૩૦ એપ્રીલ સુધીમાં અરજી કરવાની રહેશે

દાહોદ,

બાગાયત સહાયલક્ષી યોજનાઓ ખેડૂતોને વધુ ઉત્પાદન, મુલ્યવર્ધન અને વધુ આવક માટે રાજ્ય સરકાર દ્વારા શરૂ કરાઈ છે. આ યોજનાઓનો લાભ લેવા માટે દાહોદનાં ખેડૂતો http://ikhedut.gujarat.gov.in વેબસાઈટ પર મોબાઈલ, ઈ–ધરા કેન્દ્ર, ગ્રામ પંચાયત કે સાઈબર કાફેમાંથી ઓનલાઈન અરજી આગામી તા. ૩૦ એપ્રીલ સુધીમાં કરવાની રહેશે.

અરજી કર્યા બાદ સાધનિક કાગળો સહી કરી નાયબ બાગાયત નિયામકની કચેરી, રૂમ નં. ૨૩૩, જિલ્લા સેવા સદન, છાપરી, દાહોદ ખાતે પહોંચતા કરવાના રહેશે. વધુ માહિતી માટે ફોન નં. ૦૨૬૭૩ ૨૩૯૨૫૧ ઉપર સંપર્ક કરી શકાશે.

બાગાયત સહાયલક્ષી યોજનાઓ જેવી કે નવા ફળપાક વાવેતર વિસ્તાર વધારવા, કમલમ ડ્રેગનફ્રુટ, ફળપાક પ્લાન્ટીંગ મટીરીયલ્સમાં સહાય, હાઈબ્રીડ શાકભાજીના વાવેતર, સરગવાની ખેતી, નાના વેચાણકારોને નિઃશુલ્ક છત્રીની સહાય જેવી યોજનાઓનો ખેડૂતો લાભ લઈ શકશે. તેમ દાહોદનાં નાયબ બાગાયત નિયામકએ એક યાદીમાં જણાવ્યું છે.

## કચ્છના કંડલા પોર્ટ પરથી ઝડપાયું ૨૫૦ કિલો પ્રતિબંધિત ડ્રગ્સ

અમદાવાદ,

ગુજરાતમાંથી વધુ એકવાર ડ્રગ્સનો મસમોટો જથ્થો ઝડપાયો છે. ગુજરાત એટીએસ અને ડીઆરઆઈના સંયુક્ત ઓપરેશ દ્વારા ૫ હજાર કરોડથી વધુના ડ્રગ્સને ઝડપી પાડવામાં સફળતા મળી છે. કંડલા પોર્ટ પરથી માલવાહક જહાજમાંથી ૫૦૦ કિલો જેટલું હેરોઈન ડ્રગ્સ ઝડપાયુ છે. આ ડ્રગ્સ અફઘાનિસ્તાનથી આવતુ હોવાનું સામે આવ્યું છે. આ ડ્રગ્સની કિંમતમાં હજી પણ વધારો થવાની શક્યતા છે. હાલ અન્ય કન્ટેનર્સની પણ તપાસ કરવામા આવી રહી છે.

મળતી માહિતી અનુસાર ડ્રગ્સનો આ જથ્થો કન્ટેનર્સમાં આવ્યો હતો. અફઘાનિસ્તાનથી આ જથ્થો લાવવામાં આવ્યો હોવાની આશંકા છે. તો બીજી તરફ ડ્રગ્સની કિંમતનો આંકડો હજુ વધી તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે આ પહેલા પણ મોટી સંખ્યામાં પ્રતિબંધિત ડ્રગ્સ ઝડપાયું હતું. જાન્યુઆરીના મહિનામાં પણ કચ્છના મુન્દ્રા પોર્ટ પરથી પ્રતિબંધિત ડ્રગ્સ ઝડપાયું હતું. અદાણી સંચાલિત મુન્દ્રા પોર્ટ ઉપર ફરી એક વાર મોટા પ્રમાણમાં ડ્રગ્સ ઝડપાતા ફરીથી ચર્ચામાં છે. ભંગારની આડમાં કન્ટેઈનરમાં ડ્રગ્સ ઘુસાડવાનું ષડયંત્ર રચવામાં આવ્યું હતું. હની કોમ્બ સીએફએસમાં સર્ચ કરવામાં આવ્યું હતું. કસ્ટમ સહિતની કેન્દ્રની ઊંચએજન્સીઓ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. બીજી તરફ કેટલો ડ્રગ્સ છે અને ક્યાંથી ક્યાં લઈ જવામાં આવી રહ્યું હતું તેની તપાસ ધમધમાટ કરવામાં આવ્યો છે.

આ પહેલા પણ ગત વર્ષે સતત પ્રતિબંધિત ડ્રગ્સ ઝડપાયું હતું. ગુજરાત જાણે પંજાબના રસ્તે જઈ રહ્યું હોય એવું લાગી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસથી રાજ્યમાં મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હતો. અદાણી બંદર, દ્વારકા-મોરબીમાંથી મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હતો. ત્યારે હવે આ કડીમાં જામનગરનું નામ પણ જોડાયું છે. જામનગરમાંથી ૧૦ કરોડ રૂપિયાનું ૨ કિવોથી વધુ હેરોઈનનો જથ્થો ઝડપાયો છે.

ડ્રગ્સના વેચાણમાં લાગે છે કે હવે ગુજરાત પણ અગ્રેસર થઈ રહ્યું છે. ગુજરાત પણ જાણે કે હવે ડ્રગ્સ માફિયાઓનો અડ્ડો બની ગયો હોય તેવું લાગી રહ્યું છે. ગુજરાતના દરિયા માર્ગેથી ઘૂસાડાતો ડ્રગ્સનો વધુ એક મોટો જથ્થો ઝડપવામાં આવ્યો છે. મુન્દ્રામાં કરોડોનું ડ્રગ્સ ઝડપાયા બાદ હવે દ્વારકામાંથી કરોડોનો ડ્રગ્સનો જથ્થો પકડાયો છે. દેવભૂમિ દ્વારકામાંથી ડ્રગ્સનો કરોડોની કિંમતનું ડ્રગ્સ ઝડપાયું છે. દરિયાઈ માર્ગેથી આવતો ૬૬ કિલો ડ્રગ્સ જપ્ત કરાયું છે. આંતરરાષ્ટ્રીય કિંમત પ્રમાણે અંદાજે આ ડ્રગ્સ ૩૫૦ કરોડોની કિંમતનું છે.

## યાજૂઝ-માઝૂઝ કૈસે મરેગે ?

યાજૂઝ–માઝૂઝ કૌમ દુનિયા મે ખૂન ખરાબા કરતી થી તો હઝરત ઝુલ્કર નૈન ને દો ઉચે પઢાઓ કે દરમિયાન એક મજબુત દિવાર બનાકર ઉન કા આના બંધ કર દીયા કયામત કે કરીબ યેક દિવાર અલ્લાહ તઆલા કે હુકમ સે ટુટ જાએગી ઔર યાજૂઝ–માઝૂઝ નિકલેગે ઔર દુનિયા મેં કતલો ગારત ઔર ફસાદ કરેંગે ઉસ દરમિયાન હજરત ઈસા અલૈહિસ્સલામ ઔર સબ મુસલમાન કો હે તૂજ પર સે દુઆ કરેગે તો અલ્લાહ તઆલા એક કિસ્મકે કીએ યાજૂઝ–માઝૂઝ કી ગરદન મેં પેદા કરેગા જીસ સે દમ ભર મેં સબ યાજુઝ–માઝૂઝ મરજાએગેં (કયામત કી નિશાની)

(બ હવાલા મદની કેલન્ડર જુલાઈ–૨૦૨૧)

તા.૨૨/૦૪/૨૦૨૨ શુક્રવાર

વકતે શહેરી ૪.૪૪

વકતે ઈફતાર ૭.૦૩

નોંધ : આ ટાઈમ દાહોદ તથા પંચમહાલ પૂરતો છે.

મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.203

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## શહેરા વાડી બેઠકના તાલુકા પંચાયત સદસ્ય દ્વારા

# નલ સે જલ યોજનામાં મોટાપાયે ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ સાથે જિલ્લા કલેકટર કચેરી ખાતે રજૂઆત

શહેરા,

શહેરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ચાલતી ‘‘નલ સે જલ યોજના ’’ની કામગીરીમાં હલકી કક્ષાની પાઈપો નાખવામાં આવતી હોવા સાથે મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાનો આક્ષેપ તાલુકા પંચાયત કચેરીના વાડી બેઠકના તાલુકા પંચાયત સદસ્ય દ્વારા કરાયો છે. તાલુકા પંચાયત સદસ્ય જશવંતસિંહ સોલંકીએ જિલ્લા કલેકટર કચેરી ખાતે આ મામલે નિષ્પક્ષ તપાસ થાય તે માટે લેખિતમાં રજૂઆત કરી હતી.

શહેરા તાલુકાના ગ્રામિણ વિસ્તારમાં પાણીની સમસ્યામાંથી છુટકારો મળે અને ઘરે ઘરે પાણી પહોંચાડવા માટેની રાજ્ય સરકારની ‘‘નલ સે જલ યોજના’’ની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. તાલુકાના ૩૦થી વધુ ગામોમાં કરોડો રૂપિયાના ખર્ચે હાલ પાણીની પાઈપ લાઇન નાંખવાની કામગીરી સહિત અન્ય કામગીરી ચાલતી હોય તેમાં અમુક કોન્ટ્રાક્ટર દ્વારા પોતાની મનમાની કરીને ડામર રસ્તાઓ પણ વચ્ચેથી તોડી નાખતા વાહનચાલકોને ત્યાંથી પસાર થવામાં ભારે હાલાકી વેઠવી પડી રહી છે. જયારે તાલુકા પંચાયત કચેરીના વાડી બેઠકના તાલુકા પંચાયત સદસ્ય જશવંત સોલંકી દ્વારા તાલુકા માં ચાલતી નલ સે જલ યોજના ની


તસ્વીર : તુષાર દરજી, શહેરા

કામગીરીમાં હલકી કક્ષાની પાઈપો નાખવામાં આવતી હોવા સાથે મોટા પાયે ભ્રષ્ટાચાર થયો હોવાની લેખિત રજૂઆત જિલ્લા કલેકટર કચેરી ખાતે કરવામાં આવી છે. પાઈપ લાઇન નાંખવાની કામગીરી

- આ બાબતે જિલ્લાની વાસ્મો યોજના કચેરીના અધિકારી જે.એમ.પટેલને ટેલિફોનિક વાતચીત કરતા તેમને કશું કહેવાનું તો ઠીક પણ ફોન મૂકી દીધો હતો.
- પાણીની પાઈપ લાઇન નાંખવાની કામગીરી સહિત અન્ય કામગીરી ચાલતી હોય તેમાં અમુક કોન્ટ્રાક્ટર દ્વારા પોતાની મનમાની કરીને ડામર રસ્તાઓ પણ વચ્ચેથી તોડી નાખતા વાહનચાલકોને ત્યાંથી પસાર થવામાં ભારે હાલાકી વેઠવી પડી રહી છે.

દરમિયાન ડામર રસ્તાઓ તેમજ સી સી રસ્તાઓ તોડી નાંખવા છતાં આ બાબતે સંબંધિત તંત્ર દ્વારા અસરકારક કાર્યવાહી કરવામાં નહીં આવતા વાહન ચાલકોનો છૂપો રોષ પણ જોવા મળી રહયો હતો. જે રીતે તાલુકા પંચાયત સદસ્ય જશવંતસિંહ સોલંકી દ્વારા નલ સે જલ યોજના ની કામગીરીમાં મોટા પાયે ભ્રષ્ટાચાર થયા હોવાની રજૂઆત જિલ્લા કલેકટર કચેરી ખાતે કરવામાં આવતા જેને લઈને આ બાબતે જિલ્લાની વાસ્મો યોજના કચેરીના અધિકારી જે.એમ. પટેલને ટેલિફોનિક વાતચીત કરતા તેમને કશું કહેવાનું તો ઠીક પણ ફોન મૂકી દીધો હતો. જયારે નલ સે જલ યોજનાની કામગીરી નિયમ મુજબ નહી થતી હોવાની લોકચર્ચા ગ્રામીણ વિસ્તારમાં થતી હોય ત્યારે જિલ્લા કલેકટર દ્વારા આ બાબતે એક ટીમ બનાવીને ઓચિંતી મુલાકાત આ કામગીરી ચાલતી હોય ત્યાંની લેવી જોઈએ જેથી ખરી હકીકત બહાર આવે અને સરકારની ગ્રાન્ટ નો ખરો ઉપયોગ થઈ શકે તેમ છે. જોવું રહ્યું કે સંબંધિત તંત્રની નૈતિક જવાબદારી હેઠળ નલ સે જલ યોજનાની કામગીરી ચાલતી હોય તેમાં નિયમોનું કેટલું પાલન થયું છે કે નહીં તે આવનાર સમયમાં તપાસ થાય તો બહાર આવશે.

## હાલોલમાં JCBના છઠ્ઠા પ્લાન્ટનું બ્રિટિશના વડાપ્રધાનના હસ્તે ઉદ્‌ઘાટન કરાયું

હાલોલ,

દેશમાં યુપી એમપી અને દિલ્હીમાં ગેરકાયદે બાંધકામો પર તંત્રએ ચલાવેલા બુલડોઝર બાદ હવે જેસીબીની માંગ એટલી બધી ગઈ છે કે, બ્રિટિશ મૂળની કંપની જેસીબીએ આજે રાજ્ય (ગુજરાત) ના પંચમહાલ જિલ્લાના હાલોલમાં એક નવો પ્લાન્ટ શરૂ કર્યો છે. જેનું ઉદ્‌ઘાટન આજે ખુદ બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસને કર્યું. એ યાદ રહે કે કંપની ભારતમાં આ પ્રકારનો છઠ્ઠો પ્લાન્ટ શરૂ કરવા જઈ રહી છે જેસીબી ઈન્ડિયાની દેશમાં ૫ ફેકટરીઓ અને એક ડિઝાઈન સેન્ટર પણ છે. કંપનીએ ભારતમાં બનેલા મશીનોની ૧૧૦ થી વધુ દેશોમાં નિકાસ કરવામાં આવી છે. એવું નથી કે માત્ર જેસીબી ’બેકહો લોડર’ બનાવે છે. ભારતમાં એસીઈ એસએન્ડટી મહેન્દ્રાએન્ડ



મહેન્દ્રા જેવી અનેક કન્સ્ટ્રક્શન ઈક્યૂપમેન્ટ મેન્યુફેકચરિંગ કંપનીઓ છે કે જે ’બેકહો લોડર’નું ઉત્પાદન કરે છે. બેકહો લોડરની કિંમત રૂ. ૧૦ લાખથી શરૂ થાય છે અને રૂ. ૪૦-૫૦ લાખ સુધી જાય છે.

જેસીબી એકસાવેટર્સ લિમિટેડ એ બ્રિટીશ કંપની છે જેનું મુખ્ય મથક રોચેસ્ટર સ્ટાફોર્ડશાયરમાં આવેલું છે. આ કંપની ભારે સાધનોના ઉત્પાદન માટે જાણીતી છે. આ કંપનીના માલિક અને સ્થાપક બ્રિટિશ અબજોપતિ જોસેફ સાયરિલ બમ્ફોર્ડ હતા. જોસેફનું ૨૦૦૧માં અવસાન થયું હતું. તેમના નામ પરથી કંપનીનું નામ JCB રાખવામાં આવ્યું છે. આપણામાંથી મોટા ભાગના લોકો આ મશીનને જેસીબી કહે છે, પરંતુ તે તેનું અસલી નામ નથી. જેસીબીએ એવી કંપની છે કે જે આ મશીન બનાવે છે. આ જમ્બો મશીનનું સાચું નામ ’બેકહો લોડર’ છે. જેસીબી કંપનીનો પાયો ૧૯૪૫ માં નખાયો હતો. પ્રથમ ’બેકહો લોડર’ કંપનીએ ૧૯૫૩ માં બનાવ્યું હતું, જે વાદળી અને લાલ હતું. ત્યાર બાદ તેને અપગ્રેડ કરવામાં આવ્યું અને વર્ષ ૧૯૬૪ માં બેકહો લોડર બનાવવામાં આવ્યું, જેનો રંગ પીળો હતો. ત્યાર બાદથી સતત પીળા રંગના જ જેસીબી મશીન બનાવવામાં આવી રહ્યાં છે અને એટલે સુધી કે અન્ય કંપનીઓ પણ કન્સ્ટ્રક્શનની સાઈટ પર ઉપયોગમાં આવતા મશીનનો રંગ પીળો જ રાખે છે. શરૂઆતમાં તેને ટ્રેક્ટર સાથે જોડીને બનાવવામાં આવ્યું હતું, પરંતુ સમયની સાથે આ મોડલમાં ફેરફાર કરવામાં આવ્યો.

## મહિલા ઉમેદવારો માટે જીલ્લાકક્ષાનો પ્રૌદ્યોગિક રોજગાર ભરતી મેળો અને માર્ગદર્શન શિબીર યોજાઈ

ગોધરા,
તા, ૨૦/૦૪/૨૦૨૨

નારોજ સવારે ૧૦:૩૦ કલાકે જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગોધરા દ્વારા મહિલા ઉમેદવારો માટે અનુબંધમ પોર્ટલ www. unibandharm. gujornt.gov.in પર અને નેશનલ કેરિયર સેન્ટર www.ncs.gov.in પર ઓફલાઈન ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિરમહિલા આઈ.ટી.આઈ ગોધરા ખાતે યોજવામાં આવી. જેમાં મુખ્યત્વે પંચમહાલ વડોદરા તથા અમદાવાદ જીલ્લાના નોકરીદાતા તરીકે (૧) હીરો મોટો કોપ હાલોલ, (૨) આર.બી કાર્સ ગોધરા, (૩) રાજ એપેલ્સ ગોધરા, (૪) જય જલારામ બ્રિકસ ગોધરા (૫) યાઝાકી ઈન્ડીયા પ્રા.લી અમદાવાદ (૬) શંકર પેકેજીંગ



વડોદરા, (૭) ગુરૂકુળ મેનેજમેન્ટ લી ગોધરા તેમજ (૮)પૃથ્વીરાજ એન્ટરપ્રાઈઝ ગોધરા,(૯) વી.બી.સી સર્વિસ હાલોલ (૧૦) ઉદય એન્ટરપ્રાઈઝ હાલોલ એમ કુલ ૧૦ નોકરીદાતા હાજર રહીને કુલ ૪૧૫ જેટલી રીસેપ્શન ટેલીકોલર,કમ્પ્યુટર ઓપરેટર, મશીન ઓપરેટર, લાઈન ઓપરેટર, તેમજ એકાઉન્ટ આસીસ્ટન્ટ સ્ટોર કીપર એન્જીનીયરીંગ વર્ક, ઓફીસ વર્ક તેમજ લાયકાત મુજબની ટેકનીકલ (નોન ટેકનીકલ જગ્યા માટે ભરતી પ્રકીયા હાથ ધરવામાં આવી. જેમાં ૧૦૩ થી વધુ મહિલા ઉમેદવારોએ ભાગ લીધો. ભરતી મેળામાં ૫૮ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી કરવામા આવેલ છે પસંદગી પામેલ ઉમેદવારોની નોકરીદાતા દ્વારા તેમના એકમમાં યોગ્ય લાયકાત મુજબ ક્ષમતા પ્રમાણે ની જગ્યા પર મેડીકલ અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરીને રોજગારીની તકો આપવામાં આવશે. તેમજ ઉમેદવારોને ભરતી મેળામાં સ્વરોજગારલક્ષી લોન સહાય અને વ્યવસાયલક્ષી તાલીમ યોજનાની માહિતી અને માર્ગદર્શન પણ ઉમેદવારોને આપવામાં આવેલ છે. સદર ભરતી મેળામાં અનુબંધમ અને એન.સી,એસ.પોર્ટલ પર રોજગારીની તકો અંગે પ્રશાંત રાણા પ્લેસમેન્ટ અધિકારી અને મિતાલી વરિયા કરિયર ઉન્સેલર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું. સ્વ રોજગાર તાલીમ અને યોજનાની માહિતી માટે બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન ગોધરા, પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્ર ગોંધરા, જીલ્લા સમાજ સુરક્ષા કચેરીના અધિકારી તથા પ્રતિનિધિ દ્વારા ઉમેદવારોને રોજગારલક્ષી તકો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.


તસ્વીર : તુષાર દરજી, શહેરા

**શહેરામાં વાદળછાયું વાતાવરણ સર્જાતા લોકોને ગરમી માંથી રાહત મળી હતી. ખેડૂત વર્ગ કેરી સહિતના પાકને લઈને ચિંતિત થઈ ઊઠ્યો હતો. ગુજરાતમાં હવામાન વિભાગની આગાહીના પગલે શહેરા સહિત સમગ્ર જિલ્લામાં દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ જોવા મળી રહયું હતું. વરસાદની સંભાવનાને પગલે વાદળિયું વાતાવરણ સાથે ધીમી ગતિએ પવનની લહેર જોવા મળતા ગરમીમાં આંશિક ઘટાડો નોંધાયો હતો. ભરઉનાળે વાતાવરણમાં પલટો આવતા લોકોને ગરમીમાં રાહત મળી હતી. જયારે કમોસમી વરસાદના અમી છાંટણા શરૂ થતા મગફળી, કેરી સહિતના અન્ય પાકને લઈને ખેડૂત વર્ગ ચિંતીત જોવા મળી રહયો હતો.**


**નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલપસર વિભાગ**
**(ગુજરાત સરકાર)**
**જાહેર નિવિદા ‘‘નં.૧’’ સને ૨૦૨૨-૨૩ (ઈ-ટેન્ડરીંગ)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, પંચાયત સિંચાઈ વિભાગ, લુણાવાડા, તા.લુણાવાડા જી.મહીસાગર પિન.૩૮૯૨૩૦ (ફોન નં. ૦૨૬૭૪-૨૫૧૬૨૩) ની કચેરીએથી નાની સિંચાઈ યોજનાઓના મરામત અને નવીનીકરણના કામો, તળાવો મજબૂતીકરણના કામો, પૂર સરંક્ષણ દીવાલના રકમ રૂા.૫.૭૯ લાખથી રકમ રૂા.૧૮.૯૫ લાખના ફોર્મ બી-૧ પધ્ધતીથી જાહેર બાંધકામ વિભાગ હેઠળ માન્ય શ્રેણીમાં રજીસ્ટ્રેશન ધરાવતા સક્ષમ કક્ષાના અને તેની ઉપરની કક્ષાના ઈજારદારો પાસેથી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ટેન્ડરવેબસાઈટ પરથી ઓનલાઈન ડાઉનલોડીંગ કરવાની તા.૨૫/૦૪/૨૦૨૨ થી ૧૧.૦૦ કલાકથી ટેન્ડર ઓનલાઈન સમિશન કરવાની છેલ્લી તા.૧૦/૦૫/૨૦૨૨ ના ૧૮.૦૦ કલાક સુધી અને ટેન્ડરમા જણાવેલ ડોક્યુમેન્ટ્સ રજૂ કરવાની છેલ્લી તા.૧૮/૦૫/૨૦૨૨ ના ૧૮.૦૦ કલાક સુધીની રહેશે. ટેન્ડર ખોલવાની તા.૨૫/૦૫/૨૦૨૨ ના ૧૨.૩૦ કલાક. સદર ટેન્ડર કોઈ કારણ દર્શાવ્યા સિવાય રદ્દ કરવાનો અધિકાર આ કચેરીને અબાધિત રહેશે. ઉક્ત કામોની અન્ય વિગતો ઉપરોક્ત સરનામે રૂબરૂ અથવા ફોન દ્વારા તેમજ વેબસાઈટ http://nwr.nprocure.com Or www.statetenders.com જોઈ શકાશે.

કાર્યપાલક ઈજનેર
પંચાયત સિંચાઈ વિભાગ
લુણાવાડા

માહિતી/ગોધરા/૬૨/૨૦૨૨

## શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની પરીક્ષાઓનો તા.૨૧/૦૪/૨૦૨૨ થી શુભારંભ



ગોધરા,

‘‘શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, ગોધરાના કુલસચિવની એક યાદી જણાવે છે કે, પ્રો.પ્રતાપસિંહ ચૌહાણ, કુલપતિના માર્ગદર્શન હેઠળ તા.૨૧/૦૪/૨૦૨૨ થી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની વિજ્ઞાન, વિનયન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના સેમેસ્ટર-૪ અને સેમેસ્ટર-૬ તથા અનુ-સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના સેમેસ્ટર-૪ ની પરીક્ષાઓનો પ્રારંભ થઈ રહેલ છે. આ પરીક્ષામાં વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન, કાયદા અને શિક્ષણ વિદ્યાશાખાની સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના કુલ ૨૩ અભ્યાસક્રમોની પરીક્ષાઓ કુલ ૭૬ પરીક્ષા કેન્દ્રો પર સવાર અને બપોર એમ બે શેશનમાં લેવામાં આવનાર છે. જેમાં કુલ ૨૭,૯૨૬ પરીક્ષાઓર્થીઓ પરીક્ષા આપશે. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીની પરીક્ષાઓ આયોજિત થવા જઈ રહી હોય માનનીય કુલપતિ દ્વારા સવિશેષ તકેદારીના ભાગરૂપે પરીક્ષા કેન્દ્રો પર યુનિવર્સિટી ઓબ્ઝર્વર નીમવામાં આવશે જેઓ સીધાજ યુનિવર્સિટી સાથે સંપર્કમાં રહેશે અને પરીક્ષા કેન્દ્ર ખાતેની પરિસ્થિતિનું મોનીટરીંગ તેમજ રીપોર્ટીંગ કરશે. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીની પરીક્ષાઓ સમય મર્યાદાઓમાં અને વિદ્યાર્થીઓના હિતમાં સંપૂર્ણપણે પારદર્શક, સુરક્ષિત તેમજ સચોટ રીતે લઈ શકાય તે માટે માન. કુલપતિશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ તમામ પરીક્ષા કેન્દ્રો અને યુનિવર્સિટીની ટીમ શિસ્તબધ્ધ રીતે અને સમયાધીન રાત-દિવસ કાર્યરત છે. કુલપતિ, કા. કુલસચિવ, યુનિવર્સિટીના બોર્ડ ઓફ ગવર્નર્સ, એકઝીક્યુટીવ કાઉન્સિલ, એકેડેમિક કાઉન્સિલના તમામ સભ્યોએ તમામ પરીક્ષાર્થીઓને પરીક્ષાની ગરિમા જળવાય તે પ્રકારે વર્તણુંક કરવા વિનંતી કરેલ છે. સાથે-સાથે ઉત્તમ પરિણામ પ્રાપ્ત થાય એ માટે શુભેચ્છાઓ પાઠવી છે.

## હાલોલ નવી ભાટ ગામે ટેમ્પા ચાલકે બાઈકને ટકકર મારતા બાઈક ચાલક કુવામાં પડી જતા મોત

હાલોલ,

હાલોલ તાલુકાના નવી ભાટ ગામે રહેતા ભારતભાઈ ટેટાભાઈ બારીયા અને તેમના મોટાભાઈ નારણભાઈ ટેટાભાઈ બારીયા (ઉ.વ.૪૮) કામકાજ અર્થે પોતાના ભત્રીજાની મોટરસાયકલ લઈને શિવરાજપુર ગામે બજારમાં જઈ રહ્યા હતા ત્યારે નવી ભાટ ગામે આવેલ પંચાયત ઓફિસ આગળ વળાંકમાં માતેલા સાંઢની જેમ પુરઝડપે આવતા એક ટેમ્પાના ચાલકે વળાંકના ભાગે અચાનક જ બાઈકને ટકકર મારતા બાઈક સહિતન ભારતભાઈ રોડની સાઈડમાં આવેલ કુવાની દિવાલ નજીક જઈને અથડાયા હતા જયારે તેઓની પાછળ બેઠેલા નારણભાઈ ટેમ્પાની ટક્કરથી ફંગોળાઈને અંદાજે ૪૦ થી ૪૫ ફુટ ઉંડા પાણી વિનાના કુવામાં પડતા શરીના ભાગે મુંઢ માર વાગ્યો હતો. જયારે મોટરસાયકલ ચલાવનાર ભારતભાઈ કુવાની દિવાલ સાથે અથડાતા તેઓને કોઈપણ ઈજાઓ થવા પામી ન હતી. અને તેઓ ઉભા થઈને પોતાના મોટાભાઈને જોતા તેઓ કુવામાં ખાબકેલા હતા. આ જોઈ ભારતભાઈએ મદદ માટે બુમાબુમ કરતા આસપાસથી લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને એક ખાટલાને દોરડા વડે બાંધી કુવામાંથી નારણભાઈને બહાર કાઢી ૧૦૮ મારફતે બોડેલી સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે લઈ ગયા હતા. જયાં ફરજ પરના તબીબે નારણભાઈને મૃત જાહેર કર્યા હતા. જયારે ટેમ્પાનો ચાલક મોટરસાયકલને ટકકર મારી અકસ્માત સર્જી ટેમ્પો ઘટના સ્થળે મુકી ફરાર થઈ ગયો હતો. જેમાં અકસ્માતના બનાવ અંગે મૃતક નારણભાઈના ભાઈ ભારતભાઈ બારીયાએ પાવાગઢ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ આગળ તપાસ હાથ ધરી છે.



**શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન સરકારી વિનયન કોલેજ શહેરામાં યુનિવર્સિટીના ‘‘સોફ્ટસ્કીલ’’ પેપરના અભ્યાસક્રમમાં યોગનો અભ્યાસ આવતો હોઈ કોલેજના પ્રિન્સિપાલ ડો. વિપુલ ભાવસારના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓને યોગ તાલીમ આપવા માટે યોગ તાલીમ શિબિરનું આયોજન તારીખ ૧૯/૨૦ એપ્રિલ-૨૦૨૨ બે દિવસ સુધી કરવામાં આવ્યું હતું. આ પ્રેકટીકલ તાલીમ માટે કોલેજના પ્રાધ્યાપક અને આ વિષય ભણાવતા ડો.ગૌતમ ચૌહાણે યોગ તાલીમની જવાબદારી સ્વીકારી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. ખેલકૂદના પ્રાધ્યાપક કરણસિંહ જાદવ એ પણ મહત્વની ભૂમિકા નિભાવી હતી. આ કાર્યક્રમમાં રૂપરેખા પ્રમાણે એક દિવસ કોલેજમાં ચાલતી ૪ ભાષાના વિદ્યાર્થીઓ અને એક દિવસ ચાર શાસ્ત્રોના વિદ્યાર્થીઓએ યોગની તાલીમ લીધી હતી. તેમાં તમામ અધ્યાપકોને પણ સહયોગ મળ્યો હતો. આમ આ કાર્યક્રમ સફળ રહ્યો.**

## સોખડા મંદિરનો વિવાદ હાઈકોર્ટમાં પહોંચ્યો, પ્રભુ સ્વામીના સમર્થકોએ હેબિયસ કોપર્સની પિટીશન દાખલ કરી

વડોદરા,

વડોદરાના હરિધામ સોખડા મંદિરનો વિવાદ હાઈકોર્ટમાં પહોંચ્યો છે. પ્રભુ સ્વામીના સમર્થકોએ હાઈકોર્ટમાં હેબિયસ કોપર્સની પિટીશન દાખલ કરી છે. પ્રેમ સ્વરૂપ સ્વામી, સેક્રેટરી ત્યાગ વલ્લભસ્વામીનો ટ્રસ્ટની ૧૦ હજાર કરોડની મિલકત હડપ કરવાના પ્રયાસનો આક્ષેપ થયો છે. ત્યારે હાઈકોર્ટે આજે તમામ ૪૦૦થી વધુ સાધુ સંતો અને હરિભક્તોન હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવાનો આદેશ આપ્યો છે. હરિધામ સોખડા સ્વામિનારાયણ મંદિરની ગાદીનો વિવાદ હાઈકોર્ટમાં પહોંચ્યો છે. હરિધામ સોખડા મંદિર હરિપ્રસાદ સ્વામીના નિધન બાદ પેમ સ્વરૂપદાસ સ્વામી અને પ્રબોધ સ્વામીના ગ્રૂપમાં વહેંચાયું છે. હરિધામ સોખડાની રૂપિયા ૧૦ હજાર કરોડની સંપત્તિનો વિવાદ અંતે હાઈકોર્ટમાં પહોંચયો છે. પ્રભુ સ્વામીના સમર્થકોએ દ્વારા હાઈકોર્ટમાં હેબિયસ કોપર્સ પીટીશન દાખલ કરાઈ છે. ત્યારે હાઈકોર્ટે આજે તમામ ૪૦૦થી વધુ સાધુ સંતો અને હરિભક્તોન હાઈકોર્ટ સમક્ષ રજૂ કરવાનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે વડોદરાના એસપીને કહ્યુ કે, બંધક બનાવેલા તમામ હરિભક્તો માટે બસ ટ્રાન્સપોર્ટની વ્યવસ્થા કરાવીને આપો. આ કેસ સાથે જોડાયેલા તમામ લોકોને પણ વીડિયો કોન્ફરેન્સના માધ્યમથી હાજર રહેવાનો આદેશ કરાયો છે. તમને જણાવી દઈએ કે, સોખડા મંદિરમાં ૧૩૦ સાધ્વીઓ અને ૪૦૦ જેટલા સાધુ સંતો, હરિભક્તોને ગેરકાયદેસર બળજરીપૂર્વક ગોંધી રાખાનો આરોપ થયો. આ મામલે ગુજરાત હાઈકોર્ટમાં હેબિયર્સ કોપર્સની અરજી થઈ હતી. અરજી થતા હાઈકોર્ટે સામેના પક્ષના સાધુઓને નોટિસ ફટકારી છે. આજે બપોરે તમામ લોકોને વડોદરાની કોર્ટથી વીડિયો કોન્ફરેન્સના માધ્યમથી હાઈકોર્ટમાં હાજર થવાનો આદેશ કરાયો છે.